વર્ષ 01, અંક 19

1-15 એપ્રિલ, 2021

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર





# નવા ભારત માટેનો માર્ગ તૈયાર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી બજેટના અમલીકરણ મુદ્દે વિવિધ હિતધારકો સાથે સંવાદ કરી રહ્યા છે, જે ભારતને ઝડપથી આત્મનિર્ભર બનાવવા માટેનો માર્ગ મોકળો કરશે

# શહીદોને શ્રધ્ધાપૂર્વક નમન

**વૈશાખી એટલે કે 13 એપ્રિલ 1919નાં રોજ જલિયાંવાલા બાગ હત્યાકાંડ થયો હતો. આ ઘટનાને ભલે 102 વર્ષ થઈ ગયા હોય છતાં આજે પણ તેની યાદ તાજી છે. એ દિવસે 22 વર્ષીય યુવક નાનક સિંઘ ઘટના સ્થળે હાજર હતો. અંગ્રેજોના ગોળીબારમાં નાનક બચી ગયો. તેણે આ ધૃણાસ્પદ ઘટના પર ‘લોહિયાળ વૈશાખી’ નામની કવિતા લખી. રોષે ભરાયેલા બ્રિટિશરોએ આ કવિતા ફાડી નાખી અને તેની મુળ નકલ જપ્ત કરી લીધી. આ ઘટનાની 102મી વર્ષગાંઠે આ પંજાબી કવિતાના મુળ અંશ રજૂ કરીએ છીએઃ**

जलियां वाले बाग विच इक्ठ्ठ
पंच वजे अप्रैल दी तेहरवीं न,
लोकीं बाग वल होए रवान चले।
दिलां विच इनसाफ दी आस रख के,
सारे सिख हिन्दू मुसलमान चले।
विरले आदमी शहिर विच रहे बाकी,
सब बाल ते बिरध जवान चले।
अज दिलां दे दुख सुणान चले,
सगों आपने गले कटवाण चले।
छड़ दिउ हुण आसरा जीवने दा,
क्योंकि तुसीं हुण छड जहान चले।
किस ने आवणा परत के घरां अंदर,
दिल दा दिलां विच छोड़ अरमान चले।
जलिआं वालड़े उजडे बाग ताई,
खून डोल के सबज़ बणान चले।
अज होएके सब पतंग कटे,
उपर शमा सरीर जलाण चले।
हां हां जीवने तों डाढे तंग आ के,
रुठी मोत नूं आप मनाण चले।
अनल-हक मनसूर दे वांग यारो,
सूली आपनी आप गड़ाण चले।
वांग शमस तबरेज दे खुशी हो के,
खलां पुठीआं अज लुहाण चले।



ન્યૂ ઈન્ડિયા
# સમાચાર
વર્ષ 01, અંક 19, 1-15 એપ્રિલ, 2021

સંપાદક
જયદીપ ભટનાગર
મુખ્ય મહાનિદેશક,
પીઆઈબી, નવી દિલ્હી

પરામર્શ સંપાદક
સંતોષકુમાર
વિનોદકુમાર

સહાયક પરામર્શ સંપાદક
વિભોર શર્મા

પ્રકાશક અને મુદ્રક
સત્યેન્દ્ર પ્રકાશ,
મુખ્ય મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)

મુદ્રણઃ
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-2,
નવી દિલ્હી-110020

સંપર્કઃ
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન,
બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in

ડિઝાઈનર
રવિન્દ્ર કુમાર શર્મા

RNI No.
DELGUJ/2020/78810

## અંદરના પાનાં પર...

## સંવાદ દ્વારા સામાન્ય બજેટનો ઝડપી અમલ કરવામાં આવશે



કવર સ્ટોરીઃ સામાન્ય બજેટનો અમલ કરવા માટે પ્રથમ વાર વડાપ્રધાને તમામ સેક્ટરના પ્રતિનિધિઓ સાથે મંત્રાણાની નવી પહેલ કરી છે | પેજ 12-21

ફ્લેગશીપ યોજના...
**મુદ્રા યોજનાઃ વંચિતો માટે ભંડોળની જોગવાઈ**
પેજ 26-27

**પર્યાવરણને અનુકુળ વાહનવ્યવહાર સિસ્ટમ**



ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે BS-6 ઈંધણ અને ફેમ ઈન્ડિયા સ્કીમની સફળતા
પેજ 22-25

**સમાચાર-સાર**
દેશના મુખ્ય સમાચાર | પેજ 4-5

**ભારતના પ્રથમ આઝાદી સંગ્રામની ભૂમિ**
ઓડિશાના સ્થાપના દિવસ પર વિશેષ | પેજ 6

**સમાન સમાજના પ્રેરણાસ્રોત બાબા સાહેબ**
બાબા સાહેબ આંબેડકરની 131મી જન્મજયંતી | પેજ 7

**ભારતીય મેરીટાઇમ ઉદ્યોગને વૈશ્વિક માપદંડો પ્રમાણે બનાવાશે**
મેરીટાઇમ ઈન્ડિયા વિઝન (MIV)2030 | પેજ 11

**હવે આરોગ્ય માટેનું ફન્ડ એળે નહીં જાય**
કેબિનેટના નિર્ણયો | પેજ 28

**જનઔષધિ કેન્દ્રઃ ગરીબ-મધ્યમવર્ગ માટે જીવતદાન**
લોકોને કિફાયતી ભાવમાં ગુણવત્તા ધરાવતી દવાઓ | પેજ 29

**વેક્સિન મૈત્રીઃ કોરોના સામેની લડાઈમાં ભારતનો બુસ્ટર ડોઝ**
વિશ્વના 71 દેશોને 5.86 કરોડ રસીના ડોઝ આપ્યા | પેજ 30-31

**મૈત્રી સેતુઃ ભારત-બાંગલાદેશ વચ્ચે 'ન્યૂ ટ્રેડ કોરિડોર'**
ફેની નદી પર 1.9 કિમી લાંબા પુલથી ત્રિપુરાના વિકાસને વેગ | પેજ 32

**QUAD: ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ઉપયોગી ભૂમિકા**
QUADને કારણે સ્થિરતા લાવવામાં મદદ મળશે | પેજ 33

**સદીઓથી ભારતની કર્મનિષ્ઠાનું પ્રતીક છે ગીતા**
ગીતાના શ્લોકો પર હસ્તપ્રત અને કિંડલ વર્ઝન | પેજ 34

**સમર્પણ, બલિદાન, કરૂણાના પ્રતીક ગુરૂ તેગ બહાદુર**
ગુરૂ તેગબહાદુરજી ના જન્મદિવસે વિશેષ | પેજ 35

**પ્રેરણાદાયક બે ઘટનાઓ...**
બદલાતું ભારત | પેજ 36



**આઝાદીનું 75મું વર્ષઃ શતાબ્દિ વર્ષનું સંકલ્પ**
ભારતની આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભઃ 75 વર્ષ દરમિયાન આપણી સિદ્ધિઓને વિશ્વ સમક્ષ રજૂ કરવાની તક | પેજ 08-10

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર,

રાષ્ટ્રહિતમાં લેવાયેલો કોઈ પણ સંકલ્પ કોઈ તહેવારથી ઓછો નથી હોતો. તેથી જ ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનો મહિમા ગાવામાં આવ્યો છે, કારણ કે સામૂહિકતાની શક્તિ મોટી સફળતા તરફ લઈ જાય છે.

સરકારે કરેલા કોઈ પ્રયાસને પગલે ચારે બાજુ નવી આશાનું વાતાવરણ સર્જાય છે, લોકોમાં ઝડપથી આગળ વધવાની ઇચ્છા દેખાય છે ત્યારે સરકાર પાસેથી વિશેષ પરિણામની આશા રાખવામાં આવે છે. સામાન્ય બજેટને મળેલો સકારાત્મક પ્રતિસાદ દેશનો મિજાજ દર્શાવે છે ત્યારે કેન્દ્ર સરકારે પણ અભૂતપુર્વ પગલું લીધું છે. સંસદીય ઈતિહાસમાં પ્રથમ વાર એવું બન્યું છે કે બજેટની જોગવાઈઓને સાકાર કરવા માટે વડાપ્રધાને તમામ હિતધારકો, નિષ્ણાતો અને અન્ય પક્ષકારો સાથે વાતચીત કરવાની પહેલ કરી હોય.

તેનો હેતુ બજેટની જાહેરાતોને કઈ રીતે ઝડપથી અમલી બનાવવી અને સરકાર તથા ખાનગી ક્ષેત્ર એક બીજા પર વિશ્વાસ વધારીને કઈ રીતે આગળ વધે તેનો માર્ગ કાઢવાનો છે. સરકાર એવા આત્મનિર્ભર ભારતનું નિર્માણ ઇચ્છે છે જ્યાં દરેક વ્યક્તિ, દરેક સંસ્થા અને દરેક ઉદ્યોગ સંસ્થાને તેની પૂર્ણ ક્ષમતા સાથે આગળ વધવાની તક મળે. આ અંકની કવર સ્ટોરી સરકારની આ પહેલ પર આધારિત છે.

ઉત્સવો અને સંકલ્પોની કડીમાં આપણે આઝાદીની 75મી વર્ષગાંઠને આઝાદીના અમૃત મહોત્સવ તરીકે મનાવી રહ્યા છીએ. 2047માં આઝાદીને 100 વર્ષ પૂરા થશે ત્યારે ભારત તેની 75 વર્ષની વિકાસ યાત્રાનું સ્મરણ કરીને એક નવો સંકલ્પ લઈ રહ્યું છે. ભારત તેના સ્વતંત્રતા સેનાનીઓની સંઘર્ષ યાત્રામાંથી પ્રેરણા લઈને કઈ રીતે આગળ વધશે તે અહેવાલ પણ આ અંકમાં છે.

શ્રી ગુરૂ તેગબહાદુરજી, ઉત્કલ દિવસ પર ઓડિશાના પાઇક લડવૈયાઓની કહાની, બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરને તેમની જન્મજયંતિએ નમન, નાના વેપારીઓ માટે મોટો સહારો બનેલી મુદ્રા યોજના અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં અનુકુળ પરિવહન પર આધારિત 'ફેમ ઇન્ડિયા' પરના અહેવાલ આ અંકની વિશિષ્ટતાઓ છે.

આવા જ સ્નેહ અને વિશ્વાસ સાથે તમારા વિચારો અને સૂચનો અમને લખતાં રહેજો.



સરનામુ : બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,<br>
સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003

ઈમેલ : response-nis@pib.gov.in




**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ




એક જમાનામાં કોમર્શિયલ હબ ગણાતા પૂર્વ ભારતની વૃધ્ધિ અને વિકાસ અંગેનો અહેવાલ પ્રસિધ્ધ કરવા બદલ અભિનંદન. દેશના વિકાસમાં પૂર્વના રાજ્યો મહત્વની ભૂમિકા ભજવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'એક્ટ ઈસ્ટ' પોલિસીમાં હાઈવેઝ, રેલવેઝ, એરવેઝ અને ઈન્ટરનેટ કનેક્ટિવિટીના વિકાસનો સમાવેશ થાય છે. આ સુવિધાઓથી લોકોનું જીવન સરળ બન્યું છે અને દેશમાં સમાન વિકાસ થયો છે.

**ચંદ્રકાન્તા પ્રધાન**
chandrakantapradhan2014
@gmail.com

## ડિજિટલ કેલેન્ડર




**ભારત સરકારનાં ડિજિટલ કેલેન્ડર અને ડાયરીમાં સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પ્રકાશનોની લેટેસ્ટ માહિતીની સાથે સાથે સત્તાવાર રજાઓની યાદી અને મહત્વની તારીખો આપવામાં આવી છે.**

ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ પરથી ડાઉનલોડ કરી શકાશે

ગુગલ પ્લે સ્ટોર લિંક
https://play.google.com/store/apps/details?id=in.gov.calendar

આઇઓએસ લિંક
https://apps.apple.com/in/app/goi-calendar/id1546365594

**https://goicalendar.gov.in/**

ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે જાણીને આનંદ થયો. મેગેઝિનમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે એક એવો વિભાગ હોવો જોઈએ જેમાં દેશભરમાં અમલી થઈ રહેલી સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવે.

**રિધ્ધિમા ગુપ્તા**
sangeetaguptashree@gmail.com

મેગેઝિન વાંચીને આનંદ થયો. સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ વિકાસ યોજનાઓ અંગેના અહેવાલોથી દેશનું સાચું ચિત્ર રજૂ થશે. આનાથી ખાસ કરીને વિદ્યાર્થીઓને મદદ મળશે. આ મેગેઝિનનો એક બીજો લાભ એ છે કે તે વિવિધ ભાષાઓમાંથી પ્રકાશિત થાય છે. આ જ રીતે સારું કામ કરતા રહો તેવી શુભેચ્છા.

**ધ્રુબાજીત દત્તા**
duttadhruba200@gmail.com

સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટે વાંચવાલાયક આ મેગેઝિન અમારા માટે ખૂબ ઉપયોગી છે. બાળકો માટે પણ તે એટલું જ મહત્વનું છે. હું સરકારી શાળામાં શિક્ષક તરીકે કામ કરું છું. શક્ય હોય તો મને તેલુગુ આવૃત્તિ મોકલજો. હું આ મેગેઝિન કઇ રીતે સબસ્ક્રાઇબ કરી શકું તે જણાવજો.

varalakshmipalla19@gmail.com

આ ખરેખર ખૂબ સારું મેગેઝિન છે, જેમાં દેશ વિષે ઘણી બધી સકારાત્મક માહિતી આપવામાં આવી છે. મેગેઝિનની ગુણવત્તા ખૂબ સારી છે, જે જાળવી રાખજો. મારું સૂચન છે કે મેગેઝિનનું નામ બદલીને જાગૃત ભારત સમાચારપત્ર કરી શકાય.

**સુનિતા પટેલ**
sunitapatel.sp7@gmail.com

# BSFએ તેના શહીદ જવાનોના સંતાનો માટે કાઉન્સેલિંગ હેલ્પલાઇન શરૂ કરી

સરહદ સલામતી દળ (BSF)એ તેના શહીદ જવાનોના બાળકોને ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન પુરું પાડવા માટે હેલ્પલાઇન શરૂ કરી છે. SAHARA (સપોર્ટીવ એક્શન વીથ હોલિસ્ટિક એપ્રોચ ટુ બિલ્ડ રિસાઇન્સ એમોન્ગ ધ ચિલ્ડ્રન ઓફ આર્મ્ડ પોલિસ ફોર્સ પર્સોનેલ) એ બીએસએફ અને 'નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ' (NCPCR) વચ્ચેનું સંયુક્ત સાહસ છે. નિષ્ણાતો બાળકોને હિંસા, તેમનાં અધિકારોનું ઉલ્લંઘન, શિક્ષણ, આરોગ્ય જેવાં મુદ્દે કાઉન્સેલિંગ કરશે અને તેમની ફરિયાદોનું નિવારણ કરશે. SAHARA આ બાળકોને કેન્દ્ર સરકાર અને બીએસએફની કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ આપશે. આ માટે વિશેષ ટોલ ફ્રી ટેલી કાઉન્સેલિંગ નંબર 1800-1-236-236 અને વેબ લિન્ક https:/www.ncpcr.gov.in/ની વ્યવસ્થા કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલય હેઠળના 'ડિરેક્ટોરેટ ઓફ ઇન્ડિયન આર્મી વેટરન્સ' (DIAV) એ ફરજ દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા લશ્કરી કર્મચારીઓના પરિવારજનોને મદદ કરવા સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. તેનો હેતુ આવા લશ્કરી કર્મચારીઓના પરિવારજનો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવાનો છે. તેમાં શહીદ સૈનિકોના બાળકો અને વિધવાઓને શિક્ષ્યવૃત્તિ, કમ્પ્યુટર, ઉચ્ચ શિક્ષણમાં સહાય અને લગ્નને લાયક છોકરીઓને ગ્રાન્ટનો સમાવેશ થાય છે. આ યોજનાને કારણે એક લાખથી વધુ સૈનિકોની વિધવાઓ અને સંતાનો તેમનું જીવન માનભેર જીવી શકશે.



# સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુલાકાતીઓની સંખ્યા 50 લાખને પાર



સ્ટેચ્યુ ઓફ યુનિટીએ વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની સ્મૃતિમાં બનાવવામાં આવેલી વિશ્વની સૌથી મોટી પ્રતિમાના મુલાકાતીઓની સંખ્યા 15 માર્ચ સુધીમાં 50 લાખને વટાવી ગઈ છે. આમાં સ્થાનિક અને વિદેશી પર્યટકોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસ એટલે કે 31 ઓક્ટોબર 2018નાં રોજ 182 મીટર ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. વડાપ્રધાને ટ્વિટ દ્વારા 50 લાખ મુલાકાતીઓ અંગેની માહિતી આપી હતી અને તેને ઐતિહાસિક તથા ભવ્ય ક્ષણ ગણાવી હતી.

# આત્મનિર્ભર ભારતને મોટો વેગ, અગરબત્તીની આયાત 93 ટકા ઘટી



સ્વદેશી વેપારી એકમોને મજબૂત બનાવવાના સતત પ્રયાસોના સકારાત્મક પરિણામો મળવાના શરૂ થયા છે. આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાના સરકારના સંગઠિત પ્રયાસોનું ઉત્તમ ઉદાહરણ છે દેશનો અગરબત્તી ઉદ્યોગ. સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન આપવા શરૂ કરવામાં આવેલા મેક ઇન ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ જુલાઇ 2020માં એમએસએમઇ મંત્રાલયે અગરબત્તી ઉત્પાદનમાં આત્મનિર્ભર મિશનનો પ્રારંભ કર્યો હતો. આ સ્કીમ હેઠળ અગરબતીનું ઉત્પાદન વધારવા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને પુરુષોને રોજગારી આપવામાં આવી હતી. આને કારણે અગરબત્તીની આયાતમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. એપ્રિલ 2020થી જાન્યુઆરી 2021 સુધીમાં અગરબત્તીની આયાતમાં 93 ટકાનો ઘટાડો થયો છે. ભારતે એપ્રિલ 2019થી જાન્યુઆરી 2020 સુધીમાં રૂ. 284 કરોડની અગરબત્તી આયાત કરી હતી, જે ઘટીને હવે માત્ર રૂ. 19 કરોડ થઈ ગઈ છે.

# EPFOએ તેના છ કરોડ સબસ્ક્રાઇબર્સ માટે 8.5 ટકા વ્યાજદર જાળવી રાખ્યો

કેન્દ્ર સરકારે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફન્ડ ઓર્ગેનાઇઝેશન (EPFO)ના છ કરોડ સબસ્ક્રાઇબર્સને મોટી રાહત આપતાં વર્ષ 2020-21 માટે પ્રોવિડન્ટ ફન્ડ પર 8.5 ટકા વ્યાજદર જાળવી રાખ્યો છે. પ્રથમ વાર ઇપીએફઓએ જમ્મુ કાશ્મીર અને લડાખના સબસ્ક્રાઇબર્સને પીએફનો લાભ આપ્યો છે. 4 માર્ચનાં રોજ શ્રીનગરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની મળેલી બેઠકમાં 8.5 ટકા વ્યાજદર જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# વડાપ્રધાનને સેરાવીક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્ન્મેન્ટ લીડરશીપ એવોર્ડ એનાયત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રતિષ્ઠિત સેરાવીક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્ન્મેન્ટ લીડરશીપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ભારત માટે આ ગર્વની વાત છે. વૈશ્વિક ઊર્જા અને પર્યાવરણ પ્રત્યે પ્રતિબધ્ધતા અને નેતાગીરી બદલ તથા ઊર્જાની ઉપલબ્ધતા અને પર્યાવરણ ક્ષેત્રે કામગીરી બદલ તેમને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. સેરાવીકની સ્થાપના 1983માં ડો. ડેનિયલ યર્ગીને કરી હતી અને 2016માં આ એવોર્ડની સ્થાપના થઈ હતી. સેરાવીક 2021ને સંબોધતા વડાપ્રધાને જણાવ્યું કે, "હું ખૂબ નમ્રતાપૂર્વક સેરાવીક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્ન્મેન્ટ લીડરશીપ એવોર્ડ સ્વીકારી રહ્યો છું. આ એવોર્ડ હું આપણી ધરતીની ભવ્ય પરંપરાને સમર્પિત કરું છું, જેણે પર્યાવરણના રક્ષણ માટે હંમેશા રાહ બતાવી છે."



વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## ઇ-દાખિલ દ્વારા સરળતાથી ગ્રાહક ફરિયાદો કરો

ગ્રાહક ફરિયાદો માટેનું પોર્ટલ ઇ-દાખિલ હવે 15 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત છે. નેશનલ કન્ઝ્યુમર ડીસ્પ્યુટ રિડ્રેસલ કમિશન (NCDRC) દ્વારા લોંચ કરવામાં આવેલા પોર્ટલનો હેતુ ગ્રાહક ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા સરળ કરવાનો છે. ગ્રામીણ ગ્રાહકોની સરળતા માટે કોમન સર્વિસ સેન્ટર્સ (CSC)ને ઇ-દાખિલ પોર્ટલ સાથે સાંકળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત NCDRC, સ્ટેટ કમિશન્સ અને ડિસ્ટ્રીક્ટ કમિશન્સ સહિત 444 સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. તમામ રાજ્યોમાં આવા પોર્ટલ્સ શરૂ કરવા ગ્રાહક બાબતોનો વિભાગ અસરકારક રીતે કામ કરી રહ્યો છે.

## સ્થાનિક હવાઈ મુસાફરીમાં વધારો, એક દિવસમાં 3.13 લાખ પ્રવાસીઓની મુસાફરી

ભારતમાં સ્થાનિક હવાઇ મુસાફરીમાં રિકવરી આવી રહી છે. લોકડાઉનના સમયગાળામાં નરમાઇ પછી દેશમાં મુસાફરીનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે. સ્થિતિ સામાન્ય થતાં વધુને વધુ લોકો હવાઇ મુસાફરી તરફ પાછા વળ્યા છે. 28 ફેબ્રુઆરીનાં રોજ 2353 ફ્લાઇટ્સમાં કુલ 3.13 લાખ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો. 25 મે, 2020નાં રોજ સ્થાનિક ફ્લાઇટ્સ પુનઃ શરૂ થઈ તે પછીનો આ સૌથી મોટો દૈનિક આંક છે. દેશમાં તમામ એરપોર્ટ્સ પર કુલ ફુટફોલ 6 લાખથી વધુ હતો. ઉલ્લેખનીય છે કે 25 માર્ચે લોકડાઉનને પગલે હવાઇ મુસાફરી બંધ કરવામાં આવી હતી. ■





# 1857ની પહેલાં પણ ઓડિશામાં એક બળવો થયો હતો

**પ્રાચીન સમયથી મધ્યયુગના સમય દરમિયાન ભારતના ઈતિહાસમાં સૌથી મહત્વનું સ્થાન ધરાવતું ઓડિશા 1 એપ્રિલનાં રોજ તેનો 86મો સ્થાપના દિવસ 'ઉત્કલ દિવસ' તરીકે મનાવશે. પોતાના ઈતિહાસ, સંસ્કૃતિ અને ભગવાન જગન્નાથની ભૂમિ માટે જાણીતું હોવા છતાં એ ન ભૂલવું જોઈએ કે ઓડિશાનું હજુ પણ એક મહત્વનું પાસું છે. તે છે 1817માં થયેલો પાઈકા બળવો, જે ખરેખર તો ભારતની સ્વતંત્રતાના ઈતિહાસમાં પ્રથમ સશસ્ત્ર બળવો હતો...**

તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં મહારાજા સુહેલદેવ સ્મારકનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, "ભારતનો ઈતિહાસ માત્ર એ નથી જે ગુલામ બનાવતી સત્તાઓ કે માનસિકતાએ લખ્યો હોય. ભારતનો ઈતિહાસ એ છે જે સામાન્ય લોકોઓ દ્વારા લોકકથાઓમાં રચાયેલો હોય અને પેઢી દર પેઢી તેનું સંવર્ધન થયું હોય."

ઓડિશાના સંદર્ભમાં વડાપ્રધાનનું આ નિવેદન બિલકુલ બંધ બેસે છે. સમ્રાટ અશોકના અહિંસાના સંદેશાનો ગર્વ લેનાર ઓડિશા ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે. 1857માં સ્વતંત્રતા સંગ્રામ શરૂ થયો તેના 40 વર્ષ પહેલાં 1817માં ઓડિશામાં યુધ્ધનું પ્રથમ બ્યુગલ વાગ્યું હતું અને તેણે પૂર્વ ભારતમાં બ્રિટિશ શાસનના પાયાને હચમચાવી નાખ્યો હતો. પણ ઈતિહાસે આ લડાઈને અન્યાય કર્યો છે અને તેને પૂરતો ન્યાય નથી આપ્યો. પાઈકા એ ઓડિશાના ગજપતિ શાસનના ખેડૂતોનું અસંગઠિત સૈન્ય દળ હતું જેણે યુધ્ધના સમયે રાજાને લશ્કરી સેવાઓ પૂરી પાડી હતી.

ઓડિશાના ઉત્તરમાં બંગાળ પ્રાંત અને દક્ષિણમાં મદ્રાસ પ્રાંતનો કબ્જો કર્યા પછી બ્રિટિશ શાસને 1803માં ઓડિશા પર કબ્જો જમાવ્યો હતો. એ સમયે ગજપતિ રાજા મુકુંદા દેવા બીજા કિશોર વયમાં હતા અને તેમના સંરક્ષક જાયી રાજગુરુએ કરેલા વિરોધને બ્રિટિશરોએ દબાવી દીધો. થોડાં વર્ષ પછી ગજપતિ રાજાઓના બિનસંગઠિત લશ્કરી જૂથના વારસાગત વડા બક્ષી જગબંધુની આગેવાનીમાં પાઈકાના સૈનિકોએ આદિવાસીઓ અને સમાજના અન્ય લોકો સાથે મળીને બ્રિટિશરો સામે સૌ પ્રથમ સશસ્ત્ર સંઘર્ષ છેડ્યો. પાઈકા સંઘર્ષ 1817માં શરૂ થયો અને બહુ ઝડપથી તેનો ફેલાવો થયો. બ્રિટિશરોએ સંપૂર્ણ જોરથી આંદોલનને દબાવી દીધું. આ દરમિયાન અનેક લોકોએ જાન ગુમાવ્યો. અનેક ક્રાંતિકારીઓ 1819 સુધી ગેરીલા યુધ્ધ લડ્યાં, પણ અંતે પકડાઈ ગયા અને માર્યા ગયા. અંતે 1825માં બક્ષી જગબંધુની ધરપકડ થઈ અને કેદીની સ્થિતિમાં ચાર વર્ષ પછી તેમનું અવસાન થયું. પાઈકા બળવાની 200મી જયંતીએ સરકારે આ પ્રકરણને શાળાના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવાની જાહેરાત કરી હતી. ■

# બાબા સાહેબઃ સંતુલિત સમાજના પ્રેરણાસ્ત્રોત

**માનવજાતિના ઈતિહાસમાં ભાગ્યે જ એવો સમય આવ્યો હશે જેમાં તર્ક, કર્મ અને બુધ્ધિના જોરે તત્કાલીન રૂઢીચુસ્ત માન્યતા, જાતિય ભેદભાવ અને ઊંચ-નીચની ધારણાઓ પર આકરો પ્રહાર ન થયો હોય. આજે દેશ મહાન નેતા અને સમાજ સુધારક બાબાસાહેબ આંબેડકરને તેમની 131મી જન્મજયંતીએ યાદ કરી રહ્યો છે, જેમણે સંતુલિત સમાજની રચના માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી. બાબાસાહેબે દેશનાં બંધારણને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, એટલું જ નહીં, સંતુલિત સમાજના માળખા પાછળનો પ્રેરણાસ્ત્રોત પણ હતા...**

બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો જન્મ 14 એપ્રિલ 1891નાં રોજ બ્રિટિશ ઈન્ડિયાના મધ્ય ભારત પ્રાંત(હાલનું મધ્યપ્રદેશ)ની મહુ મ્યુનિસિપાલિટી મિલિટ્રી કેન્ટોનમેન્ટમાં થયો હતો. રામજી માલોજી સકપાલ અને ભીમાબાઈનું તેઓ 14મું સંતાન હતા. ગરીબી અને સામાજિક કુરીતિઓને કારણે અભાવોની વચ્ચે તેમનું બાળપણ વીત્યું. પોતાની જાતિને કારણે બાળપણમાં તેમને સામાજિક ભેદભાવનો સામનો કરવો પડ્યો.

ભણવામાં હોંશિયાર હોવા છતાં ભીમરાવને છુતઅછુતને કારણે અનેક મુશ્કેલી નડી. 7 નવેમ્બર 1900નાં રોજ પિતાએ ભીમરાવને સતારાની સરકારી શાળામાં પ્રવેશ અપાવ્યો અને નામ રાખ્યું ભિવા રામજી આંબડવેકર. ભિવા તેમનું બાળપણનું નામ હતું.

કોંકણ પ્રદેશના લોકોમાં પોતાની અટક તરીકે ગામનું નામ લખવાનો રિવાજ હતો, તેથી શાળામાં તેમની અટક સકપાલને બદલે આંબડવેકર લખાવવામાં આવી હતી, જે તેમનાં ગામ આંબડવે પરથી રાખવામાં આવી હતી. પછીથી, બ્રાહ્મણ શિક્ષક ક્રિશ્ના મહાદેવ આંબેડકરે તેમની અટક 'આંબડવેકર'થી બદલીને 'આંબેડકર' કરી નાખી અને ત્યારથી તેઓ આંબેડકર તરીકે જાણીતા છે.

**131મી જન્મજયંતીએ બાબાસાહેબને શ્રધ્ધાંજલિ**

1907માં મેટ્રીક ડિગ્રી પાસ કર્યા પછી બીજા વર્ષે તેમણે મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. પછીથી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા. ભારતને સ્વતંત્રતા મળી તે પહેલાં તેઓ વાઈસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં મેમ્બર બની ગયા હતા અને પછીથી શ્રમ મંત્રી પણ બનાવવામાં આવ્યા હતા. જાહેર બાંધકામ ખાતાનો હવાલો પણ તેમની પાસે હતો. કોન્ટ્રાક્ટરો બાંધકામના



કોન્ટ્રાક્ટ મેળવવા પડાપડી કરતા હતા. એક વગદાર કોન્ટ્રોક્ટરે તેના પુત્રને બાબાસાહેબના પુત્ર યશવંત રાવ પાસે મોકલ્યો અને ઓફર આપી કે જો તે કોન્ટ્રાક્ટ અપાવી દે તો ધંધામાં ભાગીદારી અને 25થી 50 ટકા સુધીનું કમિશન આપશે.

યશવંત રાવે આ વાત બાબાસાહેબને કરી તો તેઓ ધુંઆપુંઆ થઈ ગયા. તેમણે કહ્યું, હું અહીં સમાજનો ઉદ્ધાર કરવાના ધ્યેય સાથે આવ્યો છું. મારા બાળકોને ઉછેરવા નથી આવ્યો. આવી લાલચ મને મારા ધ્યેયથી વિચલિત કરી શકશે નહીં. 15 ઓગસ્ટ, 1947નાં રોજ ભારત સ્વતંત્ર થયું તે પછી ડો. આંબેડકરને દેશના પ્રથમ કાયદા મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. 29 ઓગસ્ટ, 1947નાં રોજ ડો.આંબેડકરને બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ નિમવામાં આવ્યા હતા. 6 ડિસેમ્બર, 1956નાં રોજ દિલ્હીમાં ઉંઘમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા. 1990માં તેમને મરણોપરાંત 'ભારત રત્ન' અર્પણ કરવામાં આવ્યો હતો. ■



# સ્વતંત્રતાની 75મી જયંતીઃ શતાબ્દી વર્ષનો સંકલ્પ

## ॥ 'उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्' ॥

આનો અર્થ એ થાય કોઇ પણ પ્રયાસ કે સંકલ્પ ઉત્સવ વગર સફળ થતો નથી. જ્યારે કોઇ સંકલ્પ ઉત્સવનો આકાર લે છે ત્યારે તેમાં લાખો કરોડો લોકોનાં સંકલ્પ અને ઊર્જા જોડાઇ જાય છે. 12 માર્ચનાં રોજ 130 કરોડ દેશવાસીઓને સાથે લઈને ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણીનો પ્રારંભ થયો છે. એ દિવસે દાંડીકૂચની 91મી જયંતી પણ હતી. આ કાર્યક્રમ વિશ્વ સમક્ષ ભારતની 75 વર્ષની સિધ્ધિઓ પ્રદર્શિત કરવાની તક આપશે અને આગામી 25 વર્ષ માટેના સંકલ્પની રૂપરેખા પણ આપશે..

'આઝાદી કા અમૃત મહોત્સવ' મતલબ સ્વતંત્રતાની ઊર્જાનું અમૃત, સ્વતંત્રતા સંગ્રામના યોધ્ધાઓની પ્રેરણાનું અમૃત અને નવા વિચારો તથા સંકલ્પોનું અમૃત. પોતાના ભવ્ય ઈતિહાસ અને વિકાસની યાત્રાને સમેટતાં આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશવા જઇ રહેલું રાષ્ટ્ર 2047માં શતાબ્દિ વર્ષ સુધીમાં આત્મનિર્ભર બનવાના નિર્ધાર સાથે આગળ વધવા તૈયાર છે. 12 માર્ચે દાંડી યાત્રાના ઐતિહાસિક દિવસે સાબરમતી આશ્રમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પદયાત્રાને લીલીઝંડી આપ્યા પછી દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું કે, 75 વર્ષમાં સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલા વિચારો, સિધ્ધિઓ, પગલાંઓ અને સંકલ્પો દેશને આગળ વધવા પ્રેરણા આપતાં રહેશે.

# અમૃત મહોત્સવના પાંચ સ્તંભ




આ કાર્યક્રમ વિશ્વ સમક્ષ ભારતની 75 વર્ષની સિધ્ધિઓ પ્રદર્શિત કરવાની તક આપશે અને આગામી 25 વર્ષ માટેના સંકલ્પની રૂપરેખા પણ આપશે. 2047માં દેશ આઝાદીની શતાબ્દિ મનાવશે ત્યારે આપણે ક્યાં હોઈશું, વિશ્વમાં આપણું સ્થાન ક્યાં હશે, ભારતને આપણે ક્યાં સુધી લઈ જઈશું એ માટે વીતેલા 75 વર્ષ અને સ્વતંત્રતા સંગ્રામ આપણને પ્રેરણા આપશે. 75મી જયંતીની આ ઉજવણી એક તખ્તો તૈયાર કરશે, જે આપણને ભારતની આઝાદીની શતાબ્દિ માટે માર્ગદર્શન આપશે, પ્રેરણા આપશે અને પુરૂષાર્થની ભાવના જગાવશે."

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## અમૃત મહોત્સવ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ

- આઝાદીની 75મી જયંતી સંબંધિત વિવિધ કાર્યક્રમોનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. તેમાં ફિલ્મ, વેબસાઇટ, ગીતો, આત્મનિર્ભર ચરખા અને આત્મનિર્ભર ઇન્ક્યુબેટર સામેલ છે.
- આ કાર્યક્રમોની સાથે સાથે દેશની અદમ્ય ભાવનાને પ્રદર્શિત કરતી સાંસ્કૃતિક ઘટનાઓનું પણ આયોજન કરવામાં આવશે. તેમાં સંગીત, નૃત્ય અને પ્રસ્તાવના પઠન (દેશનાં વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતી વિવિધ ભાષાઓમાં અલગ અલગ લાઇનો)નો સમાવેશ થાય છે. યુવાશક્તિને ભારતનાં ભાવિ તરીકે રજૂ કરતા, ગાયકવૃંદમાં 75 ગાયકો અને 75 નર્તકો હશે.

દેશના ગુમનામ નાયકોના ઈતિહાસને સાચવવા માટે છેલ્લાં છ વર્ષમાં સરકારે કરેલા પ્રયાસોને તેમણે યુવાનો માટે પ્રેરણાદાયક ગણાવ્યા હતા. વડાપ્રધાને કળા, સાહિત્ય, નાટક, ફિલ્મ અને ડિજિટલ મનોરંજન સાથે સંકળાયેલા લોકોને દેશના ભૂતકાળ સંલગ્ન અનોખી ગાથાઓને શોધવા અને તેમને પોતપોતાના માધ્યમથી જીવંત કરવા વિનંતી કરી હતી.

### 259 સભ્યોની સમિતિ રૂપરેખા બનાવી રહી છે

કેન્દ્ર સરકારે આઝાદીની 75મી જન્મજયંતીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અમૃત મહોત્સવ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે, જેમાં સ્વતંત્રતા સંગ્રામની ભાવના, શહીદોને શ્રધ્ધાંજલિ અને નવા ભારતના નિર્માણની પ્રતિજ્ઞા હોય. વડાપ્રધાનના વડપણ હેઠળ 259 સભ્યોની રાષ્ટ્રીય સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં ભૂતપુર્વ રાષ્ટ્રપતિઓ, હોદ્દેદારો અને સમાજના તમામ વર્ગોના નાગરિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, કેન્દ્રીય ગૃહ મંત્રીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય અમલીકરણ સમિતિ અને સેક્રેટરીઓની કમિટી પણ કામ કરી રહી છે. સમિતિમાં સુપ્રસિધ્ધ ગાયિકા લતા મંગેશકર, સંગીતકાર એ આર રહેમાન, નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેનને સ્થાન આપવામાં આવ્યું છે.

# આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી માટે પ્રદર્શનો









- બ્યુરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન (BOC)એ દેશના 32 સ્થળોએ તસવીર પ્રદર્શનનું આયોજન કર્યું છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે 13 માર્ચે નવી દિલ્હીમાં નેશનલ મિડિયા સેન્ટર ખાતે તસવીર પ્રદર્શનનું ઉદઘાટન કર્યું હતું.
- માહિતી અને પ્રસારણ મંત્રીએ છ અન્ય સ્થળોએ પણ તસવીર પ્રદર્શનોનું વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું હતું -જમ્મુ કાશ્મીરમાં સામ્બા, કર્ણાટકમાં બેંગલુરુ, મહારાષ્ટ્રમાં પૂણે, ઓડિશામાં ભુવનેશ્વર, મણિપુરમાં મોઇરાંગ અને બિહારમાં પટણા
- આ પ્રદર્શનનો હેતુ સ્વતંત્રતા સેનાનીઓને શ્રધ્ધાંજલિ આપવાનો અને સ્વતંત્રતા સંગ્રામમાં તેમના પ્રદાનને યાદ કરવાનો છે
- આ પ્રદર્શનોની ડિજિટલ આવૃત્તિ બની રહી છે અને 15 ઓગસ્ટ પહેલાં તેનું ઉદઘાટન થવાની ધારણા છે

આઝાદી પછી અત્યાર સુધી આપણે કેટલાં આગળ આવી ચૂક્યા છીએ તે દેશ સમક્ષ બતાવવા માટે અને આગામી 25 વર્ષમાં આપણે શું હાંસલ કરવા માગીએ છીએ તેનું વિઝન રજૂ કરવાની આ મહત્વની ક્ષણ છે. આ પ્રદર્શનો આ નક્કર માન્યતાઓને રજ કરે છે. બહુ બલિદાનો આપ્યા પછી આ દેશને આઝાદી મળી હતી અને આ પ્રદર્શનો આ બલિદાનો પાછળની કહાનીઓ રજૂ કરે છે

-પ્રકાશ જાવડેકર
કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી

## મહોત્સવની ઉજવણી કઈ રીતે થશે

આઝાદીની 75મી જયંતીની ઉજવણી માટે રચવામાં આવેલી પ્રથમ બેઠકને સંબોધતા વડાપ્રધાને જણાવ્યું કે, "મહોત્સવમાં પરંપરાગત ભારતની ઝાંખી અને આધુનિક ભારતની ચમક હોવી જોઇએ. આ કાર્યક્રમ વિશ્વ સમક્ષ ભારતની 75 વર્ષની સિધ્ધિઓ પ્રદર્શિત કરવાની તક આપશે અને આગામી 25 વર્ષ માટેના સંકલ્પની રૂપરેખા પણ આપશે." ભારત સરકાર દ્વારા આયોજિત આ શ્રેણીબધ્ધ કાર્યક્રમો છે, જેની ઉજવણી જનભાગીદારીની ભાવના સાથે કરવામાં આવી રહી છે. આ પ્રસંગે ઇન્ડિયા@75 કાર્યક્રમો માટે અન્ય સાંસ્કૃતિક અને ડિજિટલ કાર્યક્રમોની પણ જાહેરાત થઈ હતી. આ કાર્યક્રમો 15 ઓગસ્ટ, 2022ના 75 સપ્તાહ પહેલાં યોજાઇ રહ્યાં છે અને 15 ઓગસ્ટ 2023 સુધી ચાલશે. આઝાદી કા અમૃત મહોત્સવ માટે વેબસાઇટ india75@ nic.in પણ લોંચ કરવામાં આવી છે. આ વેબસાઇટમાં આગામી 75 સપ્તાહ સુધી યોજાનારા 75 કાર્યક્રમોની યાદી આપવામાં આવી છે. ■



# ભારતીય મેરીટાઇમ ઉદ્યોગને વૈશ્વિક માપદંડો પ્રમાણે બનાવાશે

**2014થી મોટા બંદરોની વાર્ષિક ક્ષમતા વધીને લગભગ બમણી થઈ છે. આ સ્થિતિમાં, ભારત મેરીટાઇમ સેક્ટરની વૃદ્ધિ માટે અને વિશ્વની અગ્રણી બ્લુ ઇકોનોમી તરીકે ઊભરવા માટે ગંભીર પ્રયાસ કરી રહ્યું છે. 2થી 4 માર્ચ દરમિયાન 'મેરીટાઇમ ઇન્ડિયા સમિટ 2021'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો હેતુ આગામી દાયકા માટે ભારતના મેરીટાઇમ સેક્ટરનો રોડમેપ તૈયાર કરવાનો હતો...**

ભારત મેરીટાઇમ સેક્ટરને વિકસાવવા માટે અને વિશ્વની અગ્રણી બ્લુ ઇકોનોમી તરીકે ઊભરવા માટે ખૂબ ગંભીર છે. હું વિશ્વને ભારત આવવા અને ભારતની વૃદ્ધિના માર્ગનો હિસ્સો બનવા આમંત્રણ આપું છું.." 'મેરીટાઇમ ઇન્ડિયા સમિટ 2021'ના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો પાછળનો હેતુ આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા દેશના દરિયાઇ બંદરોને વિકસાવવાનો છે. ભારતે દેશને વૈશ્વિક મેરીટાઇમ સેક્ટરમાં અગ્રીમ હરોળમાં મૂકવા મેરીટાઇમ ઇન્ડિયા વિઝન (MIV 2030)ની રચના કરી છે. ભારતમાં આ સેક્ટરમાં વેપારની સંભવિત તકોને ચકાસવા માટે અનેક દેશોના લોકોએ મેરીટાઇમ ઇન્ડિયા સમિટમાં ભાગ લીધો હતો. આ ત્રિ-દિવસીય સમિટમાં ડેનમાર્ક પાર્ટનર કન્ટ્રી હતું. 7500 કિલોમીટર લાંબા દરિયાકિનારા પર સ્થિત મોટા બંદરોને વિકસાવવાનો ભારતનો વ્યૂહ છે. આ માટે, સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ રૂ. 6 લાખ કરોડનાં ખર્ચે 574 પ્રોજેક્ટ્સ નક્કી કરવામાં આવ્યા છે, જેનાં પર 2035 સુધી અમલ થશે. વડાપ્રધાને નોંધ્યું કે 'મેરીટાઇમ ઇન્ડિયા વિઝન 2030'માં સરકારની પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે સ્થાનિક જળમાર્ગો માલના પરિવહન માટે કિફાયતી અને પર્યાવરણલક્ષી માધ્યમ છે અને ભારત 2030 સુધીમાં 23 જળમાર્ગો ચાલુ કરવાનો લક્ષ્ય ધરાવે છે. ■

## મેરીટાઇમ ઇન્ડિયા વિઝન 2030:

- રૂ. ત્રણ લાખ કરોડથી રૂ. પાંચ લાખ કરોડનું એકંદર રોકાણ
- 20 લાખથી વધુ રોજગાર સર્જન
- રૂ. 20,000 કરોડની સંભવિત વાર્ષિક આવક છૂટી કરવી
- બંદરોની ક્ષમતા વધારવા અને વિશ્વકક્ષાની માળખાકીય સુવિધાઓ વિકસાવવા રૂ. 1.25 લાખ કરોડનું રોકાણ
- રૂ. 80,000 કરોડનાં રોકાણ સાથે ગુજરાત, મહારાષ્ટ્રમાં મોટી ક્ષમતા ધરાવતા પોર્ટસ અને ઓડિશા-પશ્ચિમ બંગાળ ક્લસ્ટરના વિસ્તારોનો વિકાસ
- વિઝિંજમ પોર્ટના કાર્યાન્વિત અને ટ્રાન્સશિપમેન્ટ ઝોનના વિકસવાથી ટ્રાન્સશિપમેન્ટ સાઇઝ 25 ટકાથી વધીને 2030 સુધીમાં 75 ટકા કરવામાં મદદ મળશે
- અક્ષય ઊર્જાને હાલના 10 ટકાથી વધારીને 2030 સુધીમાં 60 ટકા કરવામાં આવશે. 2022 સુધીમાં તમામ પોર્ટ ખાતે અકસ્માતો, ઇજાઓ અથવા આરોગ્ય પરનાં જોખમ સંપૂર્ણપણે નાબૂદ કરવા
- 2030 સુધીમાં અગ્રણી જહાજ નિર્માતા દેશ બનવું. મેરીટાઇમ સેક્ટરના હિતધારકો માટે ઓછા દરે અને લાંબા ગાળાનું ધિરાણ કરવા મેરીટાઇમ ડેવલપમેન્ટ ફન્ડ સ્થાપવું
- ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવી અને 2020માં કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા 51 ટકાથી વધારી 2030 સુધીમાં 85 ટકાથી ઉપર કરવી. રો-પેક્સ અને ફેરી સર્વિસિસના વિકાસ અને કામગીરીમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવું



# ચર્ચા-મંત્રણા દ્વારા સામાન્ય બજેટ પર ઝડપી અમલ





















કોરોના મહામારીએ લોકોની જીવનશૈલી અને દેશના અર્થતંત્ર પર અસર કરી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને આત્મનિર્ભરતાના માર્ગ પર લાવવાનો સંકલ્પ લીધો હતો એટલું જ નહીં, અભૂતપુર્વ સામાન્ય બજેટ દ્વારા દેશને નવી દિશા આપી હતી. પોતાની આ માન્યતા અને બજેટની દરખાસ્તોનો અમલ કરવાની પ્રતિબધ્ધતાને કારણે જ વડાપ્રધાન દેશના સ્વપ્નને સાકાર કરવા નિષ્ણાતો સાથે સીધી વાતચીત કરી રહ્યા છે. 70 વર્ષના સંસદીય ઈતિહાસમાં આવું પ્રથમ વાર બન્યું છે. તેમાં પ્રામાણિક અભિગમ પણ દેખાય છે, જેથી આત્મનિર્ભર ભારતનું વિઝન સાકાર થાય...

"દેશના ઉદ્યોગ સાહસો અને વેપારને સંપૂર્ણ ટેકો આપવો એ સરકારની જવાબદારી છે, પણ સરકાર પોતે ઉદ્યોગ ધંધો ચલાવે અને પોતાની માલિકી જાળવી રાખે એ આજના સમયમાં જરૂરી નથી અને તે શક્ય પણ નથી. તેથી હું કહું છું કે વેપાર કરવો એ સરકારનું કામ નથી. (Government has no business to be in business). સરકારનું ફોકસ લોકોના કલ્યાણ અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ પર હોવું જોઈએ. જ્યારે સરકાર પોતે વેપાર કરવા માંડે છે, ત્યારે ગંભીર ખોટ જાય છે."

## બજેટના અમલીકરણ અંગે સરકાર અને ઉદ્યોગો વચ્ચે વિશ્વાસની નવી શરૂઆત

તાજેતરમાં રોકાણકારો સાથેની બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ શબ્દો સાથે દેશના વિકાસનો રોડમેપ આપ્યો હતો અને એ માટેનું પોતાનું વિઝન રજૂ કર્યું હતું. વડાપ્રધાને સ્પષ્ટ કર્યું કે બજેટની યોજનાઓ અને જાહેરાતોનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા ખાનગી ક્ષેત્ર વિશ્વાસુ ભાગીદાર બનશે. એક સમય હતો જ્યારે બજેટ માત્ર એક પ્રાસંગિકતા હતી અને તે રજૂ થયા બાદ તેના પર ખાસ ધ્યાન આપવામાં આવતું નહોતું. પણ ઈતિહાસમાં પ્રથમ વાર બન્યું છે કે બજેટ એ પગાર વહેંચવા પુરતી અને કેટલીક યોજનાઓ દ્વારા લોકોને લાભ આપવા પૂરતી ઔપચારિકતા નથી. કોરોના મહામારી બાદ દેશની જરૂરિયાતોને પ્રાધાન્ય આપવા અને ક્ષમતાઓને બહાર લાવવા નવી શરૂઆત કરવામાં આવી છે.

આ વર્ષનું બજેટ અલગ પ્રકારનું છે કારણ કે તે ભારતની આઝાદીની શતાબ્દી (2047)નાં વિઝન ડોક્યુમેન્ટ તરીકે ઊભરી આવ્યું છે. આ વિઝનનો અમલ કરવા માટે વડાપ્રધાનના સ્તરે હિતધારકો સાથે નવો અને અનોખો સંવાદ શરૂ કરવામાં આવ્યો છે. ઉદ્યોગ સાથેના જોડાણ દ્વારા દેશના અર્થતંત્રને નવી ઊંચાઈ આપવામાં આવશે. વડાપ્રધાને શ્રેણીબધ્ધ વેબિનાર દ્વારા નવથી વધુ સેક્ટર્સના નિષ્ણાતો, પ્રતિનિધિઓ, કન્સલ્ટન્ટ્સ, નાણાં સંસ્થાઓ સાથે સીધો સંપર્ક સ્થાપિત કર્યો છે. આ પહેલ પાછળનો હેતુ વિવિધ સેક્ટર્સની ખાનગી કંપનીઓને સાંકળવાનો અને તેમની સાથે મળીને બજેટના અસરકારક અમલીકરણ માટે રોડમેપ તૈયાર કરવાનો છે.

કોરોના સમયમાં ભારતની વૈશ્વિક છબી સુધરી હોય તો તેનો સૌથી મોટો શ્રેય વિશેષ હોસ્પિટલો, વેન્ટિલેટર્સ, N-95 માસ્ક, પીપીઇ કિટ બનાવવાની સરકારની માર્ગદર્શક પહેલ અને કોરોના સામેની રસીનાં ઉત્પાદનને જાય છે. આને પરિણામે, ખાનગી ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોનો વિશ્વાસ વધ્યો છે અને તેમણે ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા

**0.4%**
**કોરોના સમયમાં Q3 માં ભારતની જીડીપી હતી**

**ઇકોનોમિક સર્વે પ્રમાણે**
**11%**
**નાણાંકીય વર્ષ 2021-22માં અંદાજિત જીડીપી વૃદ્ધિદર**





**વડાપ્રધાને જણાવ્યું, "અમે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે કોરોના સમયમાં પણ પાંચ મિનિ બજેટ રજૂ કર્યા હતા અને આ બજેટ પણ અંતિમ નથી."**

માટે આ ચીજોનું ઉત્પાદન કર્યું છે. આ નવા વિશ્વાસ અને છબીનો આર્થિક ઉપયોગ કઈ રીતે કરી શકાય એ મહત્વની ચિંતા તરીકે ઊભરી આવ્યા છે.

**જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સરકાર સેતુ તરીકે ઊભરી**

એમાં કોઈ શંકા નથી કે સ્વતંત્રતા પછી અર્થતંત્ર ઝડપથી વધ્યું છે, પણ તેના પાયાના માળખામાં પૂરતો વિકાસ અને સંકલનનો અભાવ હતો. વડાપ્રધાન 'સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ'ના મંત્રના અસરકારક અમલીકરણ માટે આ માળખાઓ વચ્ચે વધુ સારું સંકલન કરવા પ્રતિબધ્ધ છે.

કંપની કાયદામાં સુધારો, શ્રમ કાયદાનું નોન-ક્રિમિનલાઇઝેશન, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ જેવા પગલાં ખાનગી ક્ષેત્ર અને સંપત્તિ સર્જકોની ભાવના પર શંકા કરનારાઓ પર સરકારનો જડબાતોડ જવાબ છે. દેશમાં સૌ પ્રથમ વાર દેશની ટોચની નેતાગીરી બજેટની જોગવાઈઓ પર અમલ કરવા પ્રતિબધ્ધ છે જેથી બજેટની રજૂઆત માત્ર ઔપચારિકતા ન બની રહે. તેને કારણે ખાનગી ઉદ્યોગ સાહસિકોના માનસમાં પણ ધીમે ધીમે પરિવર્તન આવી રહ્યું છે.

ભૂતકાળમાં કરદાતાઓ અને ઉદ્યોગો બજેટમાં કોર્પોરેટ ટેક્સ, કસ્ટમ્સ ડ્યુટી અથવા કર માળખાંમાં પરિવર્તનના અર્થ અંગે ચિંતિત રહેતા હતા, પણ સરકારે આ વખતે અભિગમ બદલ્યો છે. વૈશ્વિક બજારનું સર્જન કરવા ગુણવત્તાસભર પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરવા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા સરકારે પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટિવ્ઝ (PLI) દ્વારા ક્રાંતિકારી શરૂઆત કરી છે. કેન્દ્ર સરકારે ડઝનથી વધુ સેક્ટરમાં પીએલઆઇ સ્કીમની જાહેરાત કરી છે. પીએલઆઇ સ્કીમને કારણે ઉદ્યોગ જગતનો અભિગમ બદલાયો છે અને તેને કારણે જ ભારતમાં કોરોના સમય દરમિયાન પણ વિદેશી રોકાણ વિક્રમ સ્તરે પહોંચ્યું હતું. વધુમાં, સરકારે પણ સ્થાનિક ઉદ્યોગ સાહસિકો, ખાસ કરીને એમએસએમઇને પણ પ્રોત્સાહન આપ્યું. જેમણે કોરોનાને પગલે સર્જાયેલી તકોને ઓળખી. કોરોના સમયમાં ઉત્પાદન ક્ષેત્રમાં ઘટાડો દેખાઈ રહ્યો હતો અને તેઓ મદદની આશા રાખીને બેઠાં હતા ત્યારે સરકારે અપનાવેલી નીતિઓને કારણે ઉદ્યોગ જગતના વિચારમાં પરિવર્તન આવ્યું અને કારના ઉત્પાદન અને વેચાણમાં તીવ્ર વધારો થયો. મહામારી દરમિયાન, સરકારે અપનાવેલી નીતિઓએ આર્થિક તસવીર બદલી નાખી છે. સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ (SIAM) દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા પ્રમાણે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે પેસેન્જર વાહનોનું વેચાણ 18 ટકા વધ્યું છે. સરકારની પહેલને પરિણામે અર્થતંત્ર ધાર્યા કરતા સારી કામગીરી કરી રહ્યું છે. ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) ના અંદાજ પ્રમાણે મજબૂત રાજકોષીય અને અર્ધરાજકોષીય પગલાંને કારણે 2021-22માં ભારતનો જીડીપી વૃધ્ધિદર 12.6 ટકા રહેશે. ક્રિસિલના એક અહેવાલ પ્રમાણે

ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં રોકાણ માટે સરકારના તીવ્ર પ્રયાસો ઉપરાંત પીએલઆઇ પ્રોજેક્ટ્સને કારણે 2021-22માં અર્થતંત્રને વેગ મળશે. અહેવાલ પ્રમાણે પીએલઆઇ

# PLI: મોટો કૂદકો મારવાની તૈયારી



સામાન્ય બજેટ અને નીતિ ઘડતર સરકારી પ્રક્રિયા પૂરતા મર્યાદિત ન રહેવાં જોઇએ. ખરેખર તો, દેશના વિકાસમાં તમામ સહભાગીઓની અસરકારક ભાગીદારી હોવી જોઇએ. તેથી, સરકારની દરમિયાનગીરી ઘટાડીને સેલ્ફ-રેગ્યુલેશન, સેલ્ફ-એટેસ્ટિંગ, સેલ્ફ-સર્ટિફિકેશનની નીતિ દ્વારા નાગરિકો પર વિશ્વાસની નીતિ અપનાવવામાં આવી છે. સરકારે આ માટે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ (PLI)ની શરૂઆત કરવામાં આવી છે.

## 13 સેક્ટરમાં પાંચ વર્ષ માટે બજેટમાં રૂ. 1.97 લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

- અગાઉ, ઔદ્યોગિક પ્રોત્સાહન માત્ર ઇનપુટ આધારિત સહાય હતી. પણ હવે ચોક્કસ ધ્યેય અને સ્પર્ધા સાથે 13 સેક્ટર્સને પ્રોત્સાહન આપવાની સિસ્ટમ સરકારની પ્રતિબધ્ધતા સૂચવે છે
- ફૂડ પ્રોસેસિંગ, ટેક્સટાઇલ, કૃષિ, આઇટી, ઓટો અને ફાર્મા સેક્ટર્સમાં પીએલઆઇ સ્કીમને કારણે ઓટો પાર્ટસ, મેડિકલ ઉપકરણો અને દવાઓના કાચા માલ માટે વિદેશ પરનું અવલંબન ઘટશે
- ઊર્જા ક્ષેત્રને શ્રમ અને કૌશલ્ય સાથે આધુનિક બનાવવાથી મોટી હરણફાળ ભરી શકાશે. પ્રોત્સાહન તરીકે સરેરાશ પાંચ ટકા ઉત્પાદન આપવામાં આવે છે, જેનાથી આગામી પાંચ વર્ષમાં આશરે 520 અબજ ડોલરનું ઉત્પાદન થવાનો અંદાજ છે
- પીએલઆઇ લાગુ પાડવામાં આવ્યું છે તે 13 સેક્ટરમાં કામ કરનારા લોકોની સંખ્યા લગભગ બમણી થશે. આનાથી રોજગાર સર્જન થશે અને ઉત્પાદન તથા નિકાસમાં વધારો થશે
- આઇટી હાર્ડવેર સેક્ટરમાં આગામી ચાર વર્ષમાં રૂ. 3.25 લાખ કરોડનું ઉત્પાદન થવાનો અંદાજ છે. આઇટી હાર્ડવેરમાં સ્થાનિક વેલ્યુ એડિશન પાંચ વર્ષમાં  હાલના 5-10 ટકાથી વધીને 20-25 ટકા થશે
- આગામી પાંચથી છ વર્ષમાં ફાર્મા પ્રોડક્ટ્સનાં વેચાણમાં આશરે રૂ. ત્રણ લાખ કરોડ અને નિકાસમાં રૂ.  બે લાખ કરોડનો વધારો થશે.

પ્રોજેક્ટ્સ આગામી પાંચ વર્ષમાં રૂ.35-40 લાખ કરોડનું વૃધ્ધિગત મુલ્ય પેદા કરી શકે તેમ છે. બીજી બાજુ, 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ' જેવી પહેલને પગલે સામાન્ય નાગરિકોનું માનસ પરિવર્તન થયું છે. સ્થાનિક પ્રોડક્ટ્સ પર વિશ્વાસ વધ્યો છે અ લોકો તેને અપનાવી રહ્યા છે. 'મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના અભિગમે રાષ્ટ્ર પ્રત્યે સામાન્ય માણસના અભિગમને બદલવામાં મોટી ભૂમિકા ભજવી છે.

## તમામને સાથે રાખીને રાષ્ટ્રનું નિર્માણ

વર્તમાન સરકાર બજેટને એવું સાધન બનાવવા માગે છે, જેનાથી રાષ્ટ્ર નિર્માણમાં દરેકની ભાગીદારી હોય. બજેટ પહેલાં તમામ હિતધારકો સાથે મંત્રણા કરવા પાછળનો સરકારનો હેતુ તેમનાં સૂચનો લેવાનો છે, જેથી બજેટને અંતિમ ઓપ આપવામાં સરળતા રહે. અત્યાર સુધી દેશમાં માત્ર પ્રી-બજેટ કન્સલ્ટેશનની જ પરંપરા હતી, પણ સરકારે સૌ પ્રથમ વાર બજેટ રજૂઆત પછી તમામ હિતધારકોને એક મંચ પર લાવવાની પહેલ કરી છે જેથી બજેટની દરખાસ્તો પર ઝડપથી અમલ કરી શકાય. સરકારના અભિગમમાં ક્રાંતિકારી પરિવર્તન અને લવચીકતા વડાપ્રધાનના શબ્દોમાં જ પ્રતિબિંબિત થાય છે. તેમણે કહ્યું હતું કે, "દેશના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને સંપૂર્ણ મદદ કરવી એ સરકારની જવાબદારી છે, પણ આજના સમયમાં એ જરૂરી અને શક્ય નથી કે સરકાર વેપાર ધંધા કરે અને તેને ચાલુ રાખે. તેથી જ હું કહું છું કે વેપાર ધંધો કરવો એ સરકારનું કામ નથી. સરકાર જ્યારે વેપાર શરૂ કરી દે ત્યારે તે ગંભીર ખોટ કરે છે." આવું સૌ પ્રથમ વાર બન્યું છે કે કોઇ સરકાર સ્વીકારી રહી છે કે સરકાર જ્યારે વેપાર ધંધો શરૂ કરી દે છે ત્યારે તેના સંસાધનોની માત્રા સીમિત થઈ જાય છે. તેની પાછળનું એક કારણ એ પણ છે કે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સરકાર સમક્ષ અનેક વિઘ્નો આવે છે. સરકારમાં વાણિજ્યિક નિર્ણયો લેવાની હિંમતનો અભાવ છે. દરેકને કોર્ટ કેસ થવાનો ભય હોય છે. તેથી, અધિકારીઓ પણ એમ માનવાનું શરૂ કરે છે કે જેમ ચાલે છે તેમ ચાલવા દો ને.

# ઊર્જા ક્ષેત્ર
## ચાર 'R' બન્યા આધાર



ચાલુ નાણાંકીય વર્ષમાં સૌર અને અક્ષય ઊર્જામાં રોકાણ
**Rs 2,500**
કરોડ

રાષ્ટ્રની ગતિ અને પ્રગતિ બંનેમાં ઊર્જા ક્ષેત્રની ભૂમિકા ઘણી મહત્વની છે કારણ કે તેમાં 'ઇઝ ઓફ લિવિંગ' અને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' બંને સંકળાયેલા છે. કેન્દ્ર સરકારે ઊર્જા ક્ષેત્રમાં 'રીચ, રિઇન્ફોર્સ, રિફોર્મ્સ એન્ડ રીન્યુએબલ'ને તેનો મૂળ મંત્ર બનાવ્યો છે.

- આ મંત્ર દ્વારા સરકાર એવાં ગામડાંઓમાં વીજળી પૂરી પાડવા પર ભાર મૂકયો જ્યાં 21મી સદીમાં પણ વીજળી નહોતી. ક્ષમતા વધારીને પાવર સરપ્લસ દેશ બનવાનું
- ઝડપી સુધારા કરવામાં આવ્યા અને ઉદય સ્કીમ હેઠળ રૂ. 2.32 લાખ કરોડનાં મૂલ્યનાં બોન્ડ જારી કરવામાં આવ્યા હતા. પ્રથમ વાર સરકાર ઊર્જાને માત્ર ઉદ્યોગના ભાગ તરીકે જ નહીં, પણ સંપૂર્ણ ક્ષેત્ર તરીકે આગળ ધપાવી રહ્યું છે
- વિશ્વનું ફોકસ હવે અક્ષય ઊર્જા પર છે અને ભારતે છેલ્લાં છ વર્ષમાં તેની ક્ષમતામં 2.5 ગણો વધારો કર્યો છે
- ભારતે સૌર ઊર્જા ક્ષમતામાં 15 ગણો વધારો નોંધાવ્યો છે અને આજે તે 'ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ'માં મોખરે છે
- પીએલઆઇ સ્કીમ હેઠળ 10,000 મેગવોટની ક્ષમતા ધરાવતા ઇન્ટીગ્રેટેડ સોલર પીવી મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સનું નિર્માણ થશે અને તેનાં પર રૂ. 14,000 કરોડનું રોકાણ થવાની સંભાવના છે
- પીએમ કુસુમ સ્કીમ હેઠળ નાના પાવર પ્લાન્ટ્સ સ્થાપીને 30 ગિગાવોટ સોલર ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્ય છે અને સરકારે આગામી દોઢ વર્ષમાં રૂફટોપ સોલર પ્રોજેક્ટ્સ દ્વારા 40 ગિગાવોટ સૌર ઊર્જા ઉત્પાદન હાંસલ કરવા પગલાં લીધાં છે

**પીએમ કુસુમ જેવી સ્કીમ હેઠળ અન્નદાતાને ઊર્જાદાતા પણ બનાવવાનો હેતુ**

વડાપ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, સરકાર પાસે સારા અધિકારીઓની કમી નથી, પણ તેમને સરકારી વહીવટ ચલાવવા માટેની તાલીમ અપાયેલી હોય છે. એમનું કામ નીતિ નિયમોનું પાલન કરાવવાનું, લોકોનાં કલ્યાણના કામો થાય તે જોવાનું અને તેમની માટે જરૂરી નીતિઓ ઘડવાનું છે. તેમને આના માટેની તાલીમ આપવામાં આવે છે અને તેઓ તેમાં નિપુણતા ધરાવે છે. તેમને લાંબા સમય સુધી લોકો વચ્ચે કામ કરવાનો અનુભવ હોય છે. પણ જ્યારે સરકાર પોતે બિઝનેસ કરવા માંડે છે ત્યારે તેણે આવા કુશળ અધિકારીઓને તેમની જગ્યાએથી હટાવીને નવા કામમાં લગાવવા પડે છે, જે તેમની યોગ્યતા અને જે તે જાહેર સાહસને પણ અન્યાય છે. લોકોનાં જીવનની ગુણવત્તા સુધારવી અને તેમનાં જીવનમાં સરકારની બિનજરૂરી દરમિયાનગીરી ઘટાડવી એ સરકારનો પ્રયાસ છે. આમ, સરકાર એ નીતિ પર કામ કરી રહી છે કે લોકોનાં જીવનમાં સરકારનો ન અભાવ હોય, ન પ્રભાવ હોય. આ જ વિચાર સાથે સરકારે સામાન્ય બજેટને રાષ્ટ્ર નિર્માણનું સાધન બનાવ્યું છે, જેનો પ્રારંભ 2016માં કેબિનેટના મહત્વના નિર્ણય સાથે થઇ હતી, જેમાં બજેટ રજૂ કરવાની તારીખ ફેબ્રુઆરીના અંતિમ દિવસને બદલે પ્રથમ દિવસ કરવામાં આવ્યો હતો.

# આરોગ્ય ક્ષેત્રઃ ભારત પ્રત્યે વિશ્વનો વધતો જતો વિશ્વાસ



કોરોના બાદ હવે વિશ્વની નજર ભારતના આરોગ્ય ક્ષેત્ર પર છે. ભારતના આરોગ્ય ક્ષેત્રની તાકાત અને પ્રતિબધ્ધતાની વિશ્વ પ્રશંસા કરી રહ્યું છે. આ સમયગાળામાં ભારતના આરોગ્ય ક્ષેત્ર પ્રત્યેનાં સન્માન અને વિશ્વાસમાં અનેક ગણો વધારો થયો છે. એવું પ્રથમ વાર બન્યું છે કે સરકારે સામાન્ય બજેટમાં આરોગ્ય ક્ષેત્રમાં 137 ટકાનો વધારો કર્યો હોય.

## આ બજેટમાં આરોગ્ય અને સુખાકારી માટે રૂ. 2,23,846 કરોડની જોગવાઈ કરવામાં આવી છે

- આરોગ્ય ક્ષેત્રમાં રોકાણને કારણે રોજગારીની નવી તકોનું સર્જન થયું છે. આ વિચાર સાથે કેન્દ્ર સરકારે પ્રથમ વાર આ સેક્ટરમાં ચાર મોરચે આગળ ધપવાની પ્રતિબધ્ધતા દર્શાવી છે
- પ્રથમ, સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા અસરકારક સ્કીમ, બીજું, રોગોને ઉગતા ડામવા અને ગરીબોને સસ્તી અને અસરકારક સારવાર પૂરી પાડવી, ત્રીજું, પ્રોફેશનલ્સની સંખ્યા અને ગુણવત્તા વધારવી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરું પાડવું અને ચોથું, હેલ્થ સેક્ટરની સમસ્યા પર મિશન મોડ ફોકસ
- આ ચાર મોરચે વિજય સુનિશ્ચિત કરવા સરકારે મેડિકલ ઉપકરણોથી માંડીને દવાઓ, વેન્ટિલિટેર્સથી માંડીને રસી અને રિસર્ચથી માંડીને રોગ પર દેખરેખ એમ સમગ્ર માળખું સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે
- ટેસ્ટિંગથી ટ્રીટમેન્ટ સુધીની નવી ઈકોસિસ્ટમ સર્જવા પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના પણ લોંચ કરવામાં આવી છે
- 15માં નાણાં પંચની ભલામણ પ્રમાણે આરોગ્ય ક્ષેત્રમાં સ્થાનિક સુધરાઈઓને રૂ. 70,000 કરોડથી વધુ રકમ આપવામાં આવશે
- 41 દવાઓ માટેની એપીઆઈનું ઉત્પાદન પીએલઆઈ સ્કીમ હેઠળ

## અંદાજપત્રના સુધારાએ દેશની દિશા બદલી

"મારે દેશની આર્થિક વ્યવસ્થાને એક મહિના પહેલા દોડાવવી છે"

સરકારે બજેટની રજૂઆતમાં નવાપણું લાવીને ક્રાંતિકારી પહેલ કરી હતી. 2017-18થી બજેટ 28 ફેબ્રુઆરીને બદલે 1 ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવે છે, જેથી સંસદ તેને વહેલી મંજૂરી આપી શકે. અગાઉ બજેટ ફેબ્રુઆરીના અંતિમ કામકાજના દિવસે સંસદમાં રજૂ કરવામાં આવતું હતું અને મે મહિનાના પ્રથમ કે બીજા સપ્તાહ સુધી વૈધાનિક પ્રક્રિયા ચાલુ રહેતી હતી. આને કારણે ત્યાં સુધી મોટો બજેટ ખર્ચ કરી શકાતો નહોતો. એટલું જ નહીં, સરકારે નાણાંકીય વર્ષનાં પ્રથમ બે મહિના માટે સંસદમાંથી લેખાનુદાન મંજૂર કરાવવુ પડતું હતું. આ ક્રાંતિકારી સુધારા પહેલાં નાણાંકીય વર્ષનાં

**વડાપ્રધાન કહે છે, જીવનમાં ન સરકારનો અભાવ હોય, ના પ્રભાવ હોય. આ જ દિશામાં કામ ચાલી રહ્યું છે**

પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં બજેટના અંદાજના સરેરાશ 24 ટકા ખર્ચ થઈ જતો હતો, જે સુધારા પછી વધીને 28 ટકા થયો છે. બજેટમાં સુધારાનો એક લાભ એ પણ થયો કે મંત્રાલયો અને વિભાગોને નાણાંકીય વર્ષનાં પ્રારંભથી જ બજેટનાં નાણાં મળી જાય છે, જેને કારણે તેઓ વર્ષ દરમિયાન સ્કીમ પર ઝડપથી અમલ કરે છે.

બજેટ સુધારા અંગે વડાપ્રધાનનો અભિગમ અત્યંત સ્પષ્ટ

# સંરક્ષણ ક્ષેત્રઃ આત્મનિર્ભરતા તરફ આગેકૂચ



છેલ્લાં કેટલાંક સમયથી તમે એવા સમાચાર વાંચતા કે સાંભળતા હશો કે ભારત સંરક્ષણ ઉત્પાદનનું વિશ્વનું સૌથી મોટું ગ્રાહક છે. પણ સૌ પ્રથમ વાર ભારત ગયા વર્ષે ટોચના 25 નિકાસકારોમાં સ્થાન પામ્યું હતું. ખરેખર તો, સંરક્ષણ ઉત્પાદનનાં ક્ષેત્રમાં ભારત લાંબો અનુભવ ધરાવે છે, પણ આઝાદી પછી આ સિસ્ટમ જેટલી હોવી જોઈતી હતી તેટલી મજબૂત નહોતી. પણ ભારત હવે ઝડપી ગતિથી તેની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતા વધારવા પ્રતિબધ્ધ છે.

## સંરક્ષણ બજેટ માટે Rs 4.78 લાખ કરોડની ફાળવણી, જે 2014માં રૂ. 2.29 લાખ કરોડ હતી

- ભારતે 100 સંરક્ષણ ઉપકરણોની યાદી તૈયાર કરી છે, જેનું ઉત્પાદન સ્થાનિક ઉદ્યોગની મદદથી થઈ શકે છે. તેજસ જેવા એડવાન્સ્ડ ફાઈટર્સ શાનથી ઉડી રહ્યા છે
- તાજેતરમાં, તેજસને રૂ. 48,000 કરોડનો ઓર્ડર મળ્યો હતો. આપણે વિશ્વમાં 100થી વધુ દેશોમાં બુલેટપ્રુફ જેકેટ પૂરાં પાડીએ છીએ
- ખાનગી ક્ષેત્રની ભાગીદારી વિના ભારત સંરક્ષણ ઉત્પાદન માટે એવી ઇકો સિસ્ટમ ન વિકસાવી શકે જેવી ભારત ઇચ્છે છે. તેથી, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં બે ડિફેન્સ કોરિડોરની સાથે સાથે 74 ટકા એફડીઆઇ, ડિ-લાઇસન્સિંગ, ડિ-રેગ્યુલેશન અને નિકાસને પ્રોત્સાહન જેવી નીતિઓ અપનાવવામાં આવી છે
- સૌ પ્રથમ વાર મૂડી ખર્ચમાં 19 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જેવા મહત્વના હોદ્દાની રચનાને કારણે ટ્રાયલ, ટેસ્ટીંગ અને પ્રોક્યોરમેન્ટ પ્રક્રિયામાં સમાનતા આવી છે
- સંરક્ષણ ઉપકરણોના ઉત્પાદનમાં એમએસએમઇને વધુ સ્વતંત્રતા આપવામાં આવી છે. વળી, આ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સને રિસર્ચ એન્ડ ડિઝાઇનમાં ઇનોવેશન માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે

**2016થી 2020 વચ્ચે સંરક્ષણ ઉત્પાદનોની આયાતમાં 33 ટકાનો ઘટાડો નોંધાયો હતો**

છે. "આવું હોત તો સારું થાત.. આવું કરત તો સારું થાત.. એ સમય પૂરો થઈ ગયો છે અને જે પણ સમય બચ્યો છે તેમાં આપણે ઝડપથી કામ કરવાનું છે. આપણે હવે બજેટને એક મહિના પહેલાં રજૂ કરીએ છીએ. એનું કારણ એ છે કે મારે દેશની આર્થિક વ્યવસ્થાને એક મહિના પહેલાં દોડાવવી છે." બજેટના અમલના સંદર્ભમાં હિતધારકો સાથે શ્રેણીબધ્ધ મંત્રણા દરમિયાન પણ વડાપ્રધાને આ તર્ક સમજાવ્યો હતો. અગાઉ, બજેટના અમલનો સમય આવે ત્યાં સુધીમાં મે મહિનો પૂરો થઈ જતો હતો અને પછી ચોમાસાની મોસમ આવતી હોવાથી સપ્ટેમ્બર સુધીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત તમામ પ્રોજેક્ટ્સ અટકાવી રાખવા પડતા હતા, જ્યારે કે એપ્રિલથી જૂનનો સમયગાળો ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખૂબ મહત્વનો છે. હવે બજેટ એક મહિનો પહેલાં રજૂ કરતા હોવાથી એપ્રિલથી જૂનના મહિનાઓમાં આર્થિક પ્રવૃત્તિમાં ઝડપથી કામ થઈ રહ્યું છે. સરકાર એવો મત ધરાવે છે કે 1 એપ્રિલથી નવું બજેટ અમલી બને છે અને એ દિવસથી તમામ પ્રોજેક્ટ્સ શરૂ થઈ જવા જોઇએ અને ફેબ્રુઆરી અને માર્ચ મહિનાનો ઉપયોગ તેના અસરકારક અમલીકરણ માટે કરવો જોઈએ. કોરોનાના કપરા સમય બાદ સરકારે તૈયાર કરેલું ઐતિહાસિક બજેટ વિઝન ડોક્યુમેન્ટ તરીકે ઊભરી રહ્યું છે, જે 'ન્યૂ ઇન્ડિયા'નો મજબૂત પાયો નાખશે અને અંતે ભારતને આર્થિક મહાસત્તા તરીકે સ્થાપિત કરશે.

# શિક્ષણ ક્ષેત્ર
# નવીનીકરણ, સંશોધન અને કુશળતા



કેન્દ્ર સરકારે નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ ક્ષેત્રની સમગ્ર ઈકોસિસ્ટમનું પરિવર્તન કર્યું છે. આ વર્ષના બજેટમાં આરોગ્ય પછી સૌથી વધુ ફોકસ શિક્ષણ, સંશોધન અને નવીનીકરણ પર મૂકવામાં આવ્યું છે. કૌશલ્ય વિકાસને શિક્ષણ સાથે જોડવા માટે મહત્વનાં પગલાં લેવામાં આવ્યા છે.

### આ વર્ષના બજેટમાં શિક્ષણ ક્ષેત્ર માટે રૂ. 93,223.65 કરોડની જોગવાઈ


- શાળાઓમાં અટલ ઈન્ક્યુબેશન સેન્ટર્સ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અટલ ટિન્કરીંગ લેબ્સ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે રૂ. 50,000 કરોડની મદદથી નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ રિસર્ચ શરૂ કરવામાં આવશે
- સ્ટાર્ટઅપ્સ માટે હેકાથોનની નવી પરંપરા યુવાનો અને ઉદ્યોગ બંને માટે મોટી તાકાત બની રહી છે. જ્ઞાન અને રિસર્ચને મર્યાદિત રાખવું એ દેશની ક્ષમતા માટે મોટો અન્યાય છે. આ અભિગમ સાથે પ્રતિભાશાળી યુવાનો માટે અવકાશ, પરમાણુ ઊર્જા, ડીઆરડીઓ, કૃષિ વગેરે સહિતના અનેક ક્ષેત્રો માટે દ્વાર ખોલવામાં આવી રહ્યા છે
- અવકાશ વિજ્ઞાન અને જિયોસ્પેશિયલ ડેટાના ક્ષેત્રમાં થયેલા સુધારાઓએ ભારતીય સ્ટાર્ટઅપ્સ અને સંશોધકો માટે નવીનીકરણ કરવાનો નવો માર્ગ દર્શાવ્યો છે. તેમને હવે બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં કામ કરવા પણ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે
- ભારતે હાઈડ્રોજન વ્હિકલનું પરિક્ષણ કર્યું છે. હવે, ટ્રાન્સપોર્ટ માટે ઈંધણ તરીકે હાઈડ્રોજનને ઉપયોગી બનાવવાની અને ઉદ્યોગ માટે તૈયાર કરવાની જરૂર છે. શૈક્ષણિક અને સંશોધન સંબંધિત સંસ્થાઓનું મજબૂત નેટવર્ક બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે જેથી સંશોધન, નવીનીકરણ અને કૌશલ્ય વિકાસ પર ફોકસ કરી શકાય

## સામાન્ય બજેટ રાષ્ટ્રનો મૂડ પ્રદર્શિત કરે છે

આ વર્ષના બજેટને મળેલા સકારાત્મક પ્રતિસાદ અંગે પ્રતિક્રિયા આપતા વડાપ્રધાને તેને 'મૂડ ઓફ ધ નેશન' એટલે કે રાષ્ટ્રનો મૂડ અને તમામ વર્ગોમાં આશાનું વાતાવરણ સર્જનારું બજેટ ગણાવ્યું હતું. તેઓ માને છે કે દેશનું મન બનાવવામાં યુવા ઉત્સાહ મહત્વની ભૂમિકા ભજવે છે અને તેથી જ પરિવર્તન અને વિકાસ માટે દેશમાં એક નવું આકર્ષણ પેદા થયું છે. એક રાષ્ટ્ર તરીકે ભારત સમક્ષ અભૂતપુર્વ તક છે અને સરકાર આ તકને ગુમાવવા માગતી નથી. તેથી, સરકારના વડા તરીકે વડાપ્રધાને પોતે સૌ પ્રથમ વાર તમામ સેક્ટર્સના ઉદ્યોગ સાહસિકો, નિષ્ણાતો અને હિતધારકો સાથે શ્રેણીબધ્ધ મંત્રણા શરૂ કરી હતી, જેથી ઉદ્યોગ અને વેપાર જગતને નડી રહેલા વિઘ્નો

### કોરોના મહામારી પછી રાષ્ટ્ર તરીકે ભારત સામે આત્મનિર્ભર દેશ બનવાની અભૂતપુર્વ તક

દૂર કરીને ભારતને આત્મનિર્ભર બનાવી શકાય. તમામ વર્ગોના પ્રતિનિધીઓ સાથે વાતચીત કરવાનો હેતુ એ છે કે તેઓ સામાન્ય બજેટની ગંભીરતાથી બારીકાઈથી સમજે અને તમામ ક્ષેત્રો ભેગાં થઈને છેવાડાના માણસ સુધી તેનાં લાભ પહોંચાડે. 1 ફેબ્રુઆરીએ બજેટ રજૂ કર્યાના પખવાડિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા, નાણાંકીય સંસાધનોનું



> આવું હોત તો સારું થાત..આમ કર્યું હોત તો સારું થાત એમ કહેવાનો સમય વીતી ગયો છે. જે છે તેને આપણે ઝડપી ગતિથી અમલી કરવાનું છે
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

એકત્રીકરણ, હેલ્થકેરની જરૂરિયાત, સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા, મોનેટાઇઝેશન, નાણાંકીય સેવાઓ, કૃષિ અને ખેડૂતો, શિક્ષણ ક્ષેત્ર અને ઉદ્યોગો માટે ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન (P L I) સંબંધિત મુદ્દાઓ અંગે શ્રેણીબધ્ધ વેબિનાર દ્વારા ભાવિ રોડમેપની ચર્ચા કરી હતી. એ જાણવું પણ જરૂરી છે કે સરકાર દરેક સેક્ટરને તેની ક્ષમતાનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવા પૂરતી સ્વતંત્રતા આપી રહી છે અને મદદ પણ કરી રહી છે.

## વ્યૂહાત્મક રોકાણ: સંસાધનો માટેનો સ્રોત

બજેટમાં જાહેર કરવામાં આવેલા સુધારાઓ પર ભાર મૂકીને સરકાર 'મોનેટાઇઝેશન અને મોડર્નાઇઝેશન'ના મંત્ર સાથે આગળ વધી રહી છે, જે ભારતીયોને સશક્ત બનાવવામાં મદદ કરશે. આઝાદી બાદ એ સમયની જરૂરિયાતોને આધારે સ્થાપવામાં આવેલા અનેક જાહેર એકમો હાલમાં ખોટ કરી રહ્યા છે અને તેમાંના અનેકને જાહેર ભંડોળની જરૂર છે. આનાથી અર્થતંત્ર પર બોજ પડે છે. આ વર્ષનાં બજેટે ખાનગી ક્ષેત્રની ભાગીદારીનાં વિસ્તરણ અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓને મજબૂત કરવા માટે સ્પષ્ટ રોડમેપ નક્કી કર્યો છે. વડાપ્રધાન ભારપૂર્વક કહે છે કે સરકારનું કામ વેપાર કરવાનું નથી કારણ કે તેના સંસાધનો મર્યાદિત હોય છે. તેથી, 'મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ની ફિલોસોફી પર ભાર મૂકીને બજેટે સૂચિત નેશનલ પ્રોપર્ટી મોનેટાઇઝેશન પાઇપલાઇન હેઠળ ચાર વ્યૂહાત્મક ક્ષેત્રોને બાદ કરતાં તમામ 100 જાહેર ઉદ્યોગ સાહસોનું મોનેટાઇઝેશન (વેચીને નાણાં ઊભા કરવા)નો

# કૃષિ ક્ષેત્ર

## સર્વગ્રાહી અભિગમ સમયની જરૂરિયાત

**કૃષિ ક્ષેત્ર માટે બજેટમાં રૂ. 1.28 લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે.**

ભારત કૃષિપ્રધાન દેશ છે. કૃષિ ક્ષેત્ર અપાર સંભાવનાઓથી ભરેલું છે. તેમ છતાં, આપણે રૂ. 65,000-70,000 કરોડનાં ખાદ્ય તેલની આયાત કરીએ છીએ. સરકાર આ વિસંગતતા દૂર કરવા પ્રયાસ કરી રહી છે. આપણી સમક્ષ કઠોળનું ઉદાહરણ છે. ભારતમાં તેનું પુષ્કળ ઉત્પાદન થઈ રહ્યું હોવા છતાં આપણે આપણા વપરાશ માટે બહારના દેશોમાંથી કઠોળની આયાત કરીએ છીએ, પણ નીતિમાં ફેરફાર થયા પછી આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કૃષિ ક્ષેત્રમાં જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચે વધુ સારી ભાગીદારી બની શકે છે.

**ગામડાંનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે ભંડોળ વધારીને રૂ. 40,000 કરોડ કરવામાં આવ્યું**

**ઓપરેશન ગ્રીન હેઠળ ફળો અને શાકભાજીની હેરફેર માટે 50 ટકા સબસિડી આપવામાં આવે છે**

દૂધ, મધ અને માછલીનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવાઈ રહ્યા છે. નાના ખેડૂતો, ગોપાલકો અને માછીમારોને સૌ પ્રથમ વાર કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા

- ગ્રામીણ અર્થતંત્રમાં 12 કરોડ નાના ખેડૂતોનાં પ્રદાનને નકારી ન શકાય, જેઓ દિવસ રાત કામ કરે છે પણ તેમની મહેનતનું પૂરતું વળતર નથી મળતું. કૃષિ ક્ષેત્ર જાહેર-ખાનગી ભાગીદારીનું શ્રેષ્ઠ ઉદાહરણ બની શકે છે
- ખેડૂતો દ્વારા ઉગવવામાં આવતા ફળો અને શાકભાજી બજારોમાં પહોંચે તે પહેલાં જ બગડી જતાં હતાં. આ સમસ્યા ઉકેલવા ઓપરેશન ગ્રીન હેઠળ 300 કિસાન રેલ શરૂ કરવામાં આવી અને 50 ટકા સબસિડી પણ આપવામાં આવી હતી
- સરકારે આ વખતે કૃષિ ધિરાણનો લક્ષ્ય વધારીને રૂ. 16.50 લાખ કરોડ કર્યો છે. દેશની વધુ 1000 મંડી (કૃષિ બજારો)ને e-NAM સાથે સાંકળવાનો નિર્ણય લેવામાં આવી છે, જેથી ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળે
- ફાર્મર્સ પ્રોડ્યુસર્સ એસોસિએશન (FPOs) અને એપીએમસી મન્ડીને મજબૂત કરવા માટે વધુ પગલાં લેવામાં આવ્યાં છે. સરકાર હવે ફુડ પ્રોસેસિંગ પર ફોકસ કરી રહી છે કારણ કે ફુડ પ્રોસેસિંગ માર્કેટમાં વેલ્યુ એડિશન દ્વારા ભારતની કૃષિ પેદાશોને પ્રોત્સાહન આપવાનો સમય આવવી ગયો છે

લક્ષ્યાંક નક્કી કર્યો છે. સરકાર પાસે એવી અનેક મિલકતો છે, જેનો સંપૂર્ણ વપરાશ નથી થયો અથવા તો નકામી પડી રહી છે. આવી 100 અસ્કામતો વેચીને રૂ. 25 લાખ કરોડ એકત્ર કરવામાં આવશે. થાપણદારો અને રોકાણકારોનો વિશ્વાસ સંપાદિત કરવો અને પારદર્શિતા લાવવી એ સરકારની પ્રાથમિકતા છે. સરકારનું વિઝન નાણાંકીય ક્ષેત્રને મજબૂત કરવાનું છે. સામાન્ય પરિવારોની આવકની સલામતી વધારવી, ગરીબો સુધી સરકારના લાભ અસરકારક રીતે પહોંચે, લીકેજ-ફ્રી ડિલિવરી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત રોકાણ એ બજેટનો હેતુ છે. આ માટે, સરકારે નાણાંકીય મદદ કરવાને બદલે ઉત્પાદન વધારવા માટેની નીતિ નક્કી કરી છે, જેથી ભારત તંદુરસ્ત સ્પર્ધા કરીને વૈશ્વિક બજારમાં પોતાની વિશિષ્ટ ઓળખ ઊભી કરી શકે અને વિશ્વાસ હાંસલ કરી શકે.

આ એક અનોખો પ્રયોગ છે, જેમાં સરકાર પોતાની દરમિયાનગીરી ઘટાડીને પોતાની જનતાની ક્ષમતા પર વધારે વિશ્વાસ મૂકી રહી છે. એનું કારણ એ છે કે કોરોના મહામારી બાદ બદલાયેલી સ્થિતિએ સરકારને તક આપી છે તો દેશના સામાન્ય નાગરિકોમાં પણ આત્મનિર્ભરતાના સપનાને સાકાર કરવાનું આકર્ષણ પેદા થયું છે. દેશની વિકાસ યાત્રામાં સરકાર માર્ગદર્શકની ભૂમિકામાં રહીને ખાનગી ક્ષેત્રની સારથી બનવા જઈ રહી છે, જે એવા આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવામાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી શકે જ્યાં દુનિયાની દરેક વ્યક્તિના મનમાં ભારતીય વસ્તુઓ પ્રત્યે સન્માન હોય અને તેને પોતાની પ્રથમ પસંદગી બનાવે. ■



# પર્યાવરણને અનુકુળ
## વાહનવ્યવહાર અપનાવો

સ્વચ્છ વાતાવરણ જ તંદુરસ્ત જીવન જીવવાનો આધાર છે. પણ બદલાતી દુનિયામાં પર્યાવરણનું રક્ષણ એ મોટો પડકાર બની ગયો છે. ભારતમાં કુદરતી સંસાધનોનાં નિરંકુશ દોહને પર્યાવરણ માટે પડકાર ફેંક્યો છે. આ સ્થિતિ સુધારવા માટે કેન્દ્ર સરકાર ઇલેક્ટ્રિક વ્હિકલ્સના ઉપયોગને પ્રોત્સાહન આપી રહી છે, જેનાં માટે તેણે ફ્લેગશીપ સ્કીમ ફ્રેમ ઇન્ડિયા શરૂ કરી છે....

પરંપરાગત ભારતીય મૂલ્ય પ્રણાલિએ આપણને કુદરત પાસેથી જરૂર જેટલું જ લેવાનું શીખવાડ્યું છે. આપણે કુદરતી સંસાધનોની જાળવણીમાં માનીએ છીએ. વાસ્તવમાં, કુદરત સાથેનું આ સામંજસ્ય જ સદીઓથી આપણી સભ્યતા, અસ્તિત્વ અને વિકાસનું મુખ્ય પાસું રહ્યું છે. એમાં કોઈ શક નથી કે જ્યારે પર્યાવરણ સંરક્ષણની વાત આવે ત્યારે ભારત હંમેશા મક્કમ અને સક્રિય વલણ અપનાવે છે. જળ-વાયુ પરિવર્તન અને તેને પગલે સર્જાતી કુદરતી આપત્તિઓના સતત વધતા જતા પડકારને જીતવા નીતિઓ, કાયદાઓ અને આદેશો અને વ્યવહાર પરિવર્તન એમ દ્વિપાંખીયો વ્યૂહ જરૂરી છે.

# ફેમ ઇન્ડિયા સ્કીમની જરૂર કેમ હતી?

## ત્રણ પરિબળોને કારણે ફેમ ઈન્ડિયાની જરૂર ઊભી થઈ

### પ્રથમ

દેશભરમાં, ખાસ કરીને મોટા શહેરોમાં પ્રદૂષણનું સૌથી મોટું કારણ ડિઝલ અને પેટ્રોલથી ચાલતા વાહનોથી થતું પ્રદૂષણ છે જે

**61** કુલ હવા પ્રદૂષણમાં ટકા હિસ્સો ધરાવે છેઃ અહેવાલ

### દ્વિતીય

અશ્મિભૂત ઈંધણ પર ચાલતા વાહનોના ઉત્પાદકોમાં ભારત ચોથા ક્રમે છે

ભૂતકાળમાં આવા વાહનોની સંખ્યા અનેક ગણી વધી છે

### તૃતીય

અશ્મિભૂત ઈંધણના વપરાશના સંદર્ભમાં ભારત ત્રીજા ક્રમે

ડિઝલ અને પેટ્રોલની જરૂરિયાતના 83 ટકા આયાત

- આ તમામ પરિબળોને કારણે ફેમ ઈન્ડિયા સ્કીમ લોંચ કરવાની ફરજ પડી છે. એટલું જ નહીં, નિરકુંશ હવા પ્રદૂષણને ડામવા માટે સરકારે યુરોપમાં યુરો-6 ધોરણોની જેમ ભારતમાં 1 એપ્રિલ 2020થી BS-4 બાદ સીધા BS-6 ધોરણોનો અમલ કર્યો.

# FAME ઇન્ડિયા સ્કીમ

- ફેમ ઈન્ડિયાનાં પ્રથમ તબક્કામાં2015-17 દરમિયાન જાહેર જનતા ઈલેક્ટ્રિક વાહનો અપનાવે અને ઈલેક્ટ્રિક કાર તથા ટુ-વ્હિલર હાઈબ્રિડ વાહનોને વેગ મળે તેના પર ફોકસ કરવામાં આવ્યું હતું
- ફેમ ઈન્ડિયા સ્કીમમાં બે તબક્કા છેઃ પ્રથમ તબક્કો 31 માર્ચ 2019નાં રોજ પૂરો થયો હતો અને બીજો તબક્કો 1 એપ્રિલ 2019નાં રોજ શરૂ થયો હતો અને 31 માર્ચ, 2022 સુધી ચાલશે. એવો અંદાજ છે કે દેશ જ્યારે આઝાદીની 75મી જયંતિ ઉજવે ત્યારે રસ્તા પર ચાલતા વાહનોમાં સૌથી મોટો હિસ્સો ઈલેક્ટ્રિક વાહનોનો હોય. જેથી હવા પ્રદૂષણ અંકુશમાં આવે અને નાણાંની બચતની સાથે સાથે જન આરોગ્યમાં પણ સુધારો થાય
- આ સ્કીમના પ્રથમ તબક્કામાં, માગ પ્રોત્સાહન દ્વારા 2,80,987 હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી માટે રૂ. 359 કરોડનાં ખર્ચે સહાય કરવામાં આવી હતી. આ ઉપરાંત, ભારે ઉદ્યોગ મંત્રાલયે દેશભરમાં વિવિધ શહેરોમાં 425 ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ બસો માટે રૂ. 280 કરોડની રકમ મંજૂર કરી હતી. સરકારે આ સ્કીમ હેઠળ 7,000 ઈ-બસ, પાંચ લાખ ઈ-થ્રી વ્હિલર્સ, 55,000 ઈ-પેસેન્જર કાર્સ અને 10 લાખ ઈ-ટુ વ્હિલર્સને સબસિડી દ્વારા મદદ કરવાનો લક્ષ્ય રાખ્યો છે
- આ સ્કીમનો મુખ્ય હેતુ હવા પ્રદૂષણ અને ગ્રીનહાઉસ ગેસ ઘટાડવાનો છે. આ સ્કીમ હેઠળ ડિઝલ અને પેટ્રોલ વાહનોને સ્થાને હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક ટુ-વ્હિલર્સ, કાર્સ, થ્રી-વ્હિલર્સ અને લાઈટ-હેવી કમર્શિયલ વ્હિકલ્સ દોડતા કરવા રાષ્ટ્રવ્યાપી માળખું રચવામાં આવશે
- ફેમ ઈન્ડિયાને કારણે આપણે દરરોજ 52,794 લિટર ઈંધણની બચત કરી શકીએ છીએ




**₹10,000** કરોડની સબસિડી ફેમ ઈન્ડિયા-ટુ માટે મંજૂર



**₹5,500** કરોડની સબસિડી ફેમ ઈન્ડિયાના પ્રથમ તબક્કા માટે

આ સ્કીમના પ્રારંભથી **50** મિલિયન લિટર ઇંધણની બચત થઈ

"દેશનો વાહનવ્યવહાર પ્રદૂષણમુક્ત થાય તે હેતુથી ફેમ ઈન્ડિયા સ્કીમ શરૂ કરવામાં આવી હતી. તેને માત્ર લોકો પાસેથી જ નહીં, ઓપરેટરો પાસેથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રદૂષણ ડામવા માટેની પ્રથમ પૂર્વશરત છે સ્વચ્છ પેટ્રોલ અને ડિઝલ પુરું પાડવું. તેથી અમે BS-6 શરૂ કર્યું. હવે, દેશનું દરેક વાહન BS-6 છે, જેને કારણે પ્રદૂષણનું પ્રમાણ 75-80 ટકા ઘટી ગયું છે."



**-પ્રકાશ જાવડેકર**, કેન્દ્રીય મંત્રી, પર્યાવરણ, વન અને જળ-વાયુ પરિવર્તન તથા ભારે ઉદ્યોગ અને જાહેર સાહસો વિભાગ

# આંકડાઓ દ્વારા જાણો સફળતાની ગાથા

**3.37** લાખ ઇલેક્ટ્રિક વ્હિકલ્સ અત્યાર સુધી વેચાયા

**Co2 પ્રદૂષણમાં ઘટાડો**
**20,05,91,605 Kg**

**Co2 પ્રદૂષણમાં ઘટાડો**
**1,30,835 Kg**
**પ્રતિ દિન**

**6,690**
ઇલેક્ટ્રિક બસોને મંજૂરી

**3,397**
દેશભરમાં ઇ-ચાર્જિંગ સ્ટેશન સ્થપાયા

Rs 3,59,58,08,700
નું પ્રોત્સાહન આપવામાં આવ્યું
**2,80,830**
વાહનો માટે

**56,499**
ઇલેક્ટ્રિક વ્હિકલ્સ સ્કીમના બીજા તબક્કામાં વેચાયા

**8,06,46,229**
લિટર ઇંધણની બચત સ્કીમ શરૂ થયા પછી

**37 કંપનીઓના ટુ-વ્હિલર્સ, થ્રી વ્હિલર્સ અને ફોર વ્હિલર્સના 107 મોડલ પર રૂ. 7500થી રૂ. 2.5 લાખની સબસિડી**

તમામ આંકડા
26 ફેબ્રુઆરી, 2021 સુધીનાં



સતત વધતું જતું હવા પ્રદૂષણ આપણા માટે મોટો પડકાર છે. આના માટે સૌથી વધુ જવાબદાર છે અશ્મિભૂત ઇંધણ પર ચાલતા વાહનો. આ સ્થિતિ ઉકેલવા કેન્દ્ર સરકારે 1 એપ્રિલ, 2015નાં રોજ નેશનલ ઇલેક્ટ્રિક મોબિલિટી મિશનના ભાગ રૂપે FAME ઇન્ડિયા (ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓફ હાઇબ્રિડ એન્ડ ઇલેક્ટ્રિક વ્હિકલ) લોંચ કર્યું હતું.

## BS-6: સફળતાનું એક વર્ષ

યુએનના અહેવાલ પ્રમાણે પ્રદૂષણને કારણે દર વર્ષે 70 લાખ લોકો પોતાનાં જીવ ગુમાવે છે. પ્રદૂષણને ડામવા માટે કેન્દ્ર સરકારે 1 એપ્રિલ 2020થી બીએસ એમિશન સ્ટાન્ડર્ડ્સ નોર્મ્સ (પ્રદૂષણના ધોરણો) શરૂ કર્યા હતા. વાહનોના પ્રદૂષણ માટે સરકારે નક્કી કરેલા ધોરણોને BS એટલે કે ભારત સ્ટેજ કહેવામાં આવે છે. યુરોપિયન નિયમો પર આધારિત આ ધોરણો વન અને પર્યાવરણ મંત્રાલય તથા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા નક્કી કરવામાં આવે છે. 1991માં દાખલ કરવામાં આવેલા પ્રદૂષણનાં ધોરણો હેઠળ પ્રારંભમાં માત્ર પેટ્રોલથી ચાલતા વાહનોને જ આવરી લેવામાં આવ્યા હતા. 2002માં BS સ્ટાન્ડર્ડ અપનાવવામાં આવ્યા હતા. તે પછી 2005માં BS-2, 2006માં BS-3 અને 2010માં BS-4 લાગુ કરવામાં આવ્યા હતા. જો કે, છેલ્લાં

# FAM ઇન્ડિયા સ્કીમ અંગેના સામાન્ય સવાલો

**Q&A**

**સ્કીમ હેઠળ અમે કઈ રીતે લાભ મેળવી શકીએ?**

જ્યારે તમે ઈલેક્ટ્રિક વાહન ખરીદો છો, ત્યારે તેને ભારત સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન (સબસિડી) સમકક્ષ કેશ ડિસ્કાઉન્ટ મળે છે.

**Q&A**

**શું ફ્રેમ ઇન્ડિયાનો અમલ દેશભરમાં થઈ રહ્યો છે?**

હા, પ્રથમ તબક્કો પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂ થયો હતો. હવે, દેશભરમાં તેનો અમલ થઈ રહ્યો છે. આ પ્રોત્સાહન માત્ર ટુ અને થ્રી-વ્હિલર્સ પર જ નહીં, ફોર વ્હિલર્સ પર પણ આપવામાં આવે છે.

**Q&A**

**કમર્શિયલ ઉપયોગ માટે ખરીદવામાં આવેલા ઇલેક્ટ્રિક વ્હિકલ્સ પણ પ્રોત્સાહન માટે માન્ય છે?**

માત્ર ટેક્સી તરીકે ચલાવાતી પેસેન્જર ઇલેક્ટ્રિક કાર પર જ સબસિડી આપવામાં આવે છે. જો કે ખાનગી વપરાશ માટેના ટુ-વ્હિલર પર સબસિડી ઉપલબ્ધ છે

**Q&A શું કોર્પોરેટ અને અન્ય તમામ સંસ્થાઓ સબસિડી મેળવી શકે?**

હા, કોર્પોરેટ અને અન્ય તમામ સંસ્થાઓ પણ સબસિડી મેળવી શકે.

**Q&A શું એકથી વધુ વાહનોની ખરીદી પર પણ સબસિડી મળી શકે?**

હા, તમે જેટલાં વાહનો ખરીદો તેટલાં પર સબસિડી મળશે

**Q&A ફ્રેમ ઇન્ડિયા સ્કીમ હેઠળ સબસિડી મેળવવા અમારે અમારા ડિઝલ/પેટ્રોલ વાહનો વેચવા પડે?**

ના, માર્ગદર્શિકામાં આવી કોઇ જ  શરત લાદવામાં આવી નથી.

**Q&A શું ફ્રેમ ઇન્ડિયા હેઠળ પસંદ કરવામાં આવેલા વાહનો ચલાવવા સલામત છે?**

ફ્રેમ ઇન્ડિયા હેઠળ પસંદ કરવામાં આવેલા તમામ વાહનો કડક ધોરણોનું પાલન કરે છે અને ચલાવવા માટે સંપૂર્ણ સલામત છે

**Q&A સબસિડીની ગણતરી કઈ રીતે થાય છે?**

માત્ર ટેક્સી તરીકે વપરાતી પેસેન્જર ઇલેક્ટ્રિક કારને જ સબસિડી મળે છે. રૂ. 15 લાખની એક્સ-શો રૂમ કિંમત ધરાવતી ઇલેક્ટ્રિક કાર જ સબસિડી માટે માન્ય છે. બેટરીની ક્ષમતા પ્રમાણે સબસિડી આપવામાં આવશે. બસ માટે પ્રતિ કિલોવોટ રૂ. 20,000 અને અન્ય વાહનો માટે પ્રતિ કિલોવોટ રૂ.10,000 આપવામાં આવશે.

**Q&A ફ્રેમ ઇન્ડિયા ટુ અંતર્ગત ઇ-વ્હિકલ્સ પર કેટલી સબસિડી આપવામાં આવશે?**

સ્કીમ હેઠળ, 55,000 ઇલેક્ટ્રિક કારને રૂ. 2.5 લાખ અને 20,000 હાઇબ્રિડ કાર માટે રૂ. 20,000 કરોડની સબસિડી આપવામાં આવશે. 10 લાખ ટુ-વ્હિલર્સ, પાંચ લાખ થ્રી-વ્હિલર્સ અને 7,000 બસોની ખરીદી પર સબસિડી આપવામાં આવશે. આધુનિક ટેકનલોજીને પ્રોત્સાહન આપવા માટે લિથિયમ-આયોન બેટરી અથવા નવી ટેકનોલોજીની બેટરી ધરાવતા વાહનોને જ પ્રોત્સાહન આપવામાં આવશે.

કેટલાંક વર્ષોમાં હવા પ્રદૂષણનું પ્રમાણ પડકારજનક બનતાં સરકારે 2020માં BS-5 ધોરણોને બાદ કરીને સીધા BS-6 ધોરણો લાગુ કર્યા હતા, જેનો પ્રારંભ દિલ્હીથી કરવામાં આવ્યો હતો.

## નવા ધોરણો હેઠળ શું બદલાશે

- નવા ધોરણોનું પાલન થાય, નુકસાનકારક ગેસનું પ્રદૂષણ ઓછું થાય તે રીતે નવી કારની કમ્બશન ચેમ્બર, એન્જિનની ડિઝાઇન બદલાશે. આ ઉપરાંત, એ પ્રમાણે ઇંધણને પણ બદલવામાં આવશે
- BS-6 ધોરણો હેઠળ 2.5 પાર્ટિક્યુલેટ મેટરનું પ્રમાણ 20 અને 40 MGCM વચ્ચે રાખવામાં આવ્યું છે. BS-4 હેઠળ તે 120 MGCM હતું.
- BS-4 માં  ઇંધણમાં પ્રતિ કિલો 50 mg સલ્ફરને મંજૂરી હતી. BS-6માં તેને સુધારીને પ્રતિ કિલો 10 mg કરવામાં આવી છે.
- 1 એપ્રિલ 2020 પછી દેશમાં BS-6 પ્રદૂષણ ધોરણોનું પાલન કરતા વાહનોને જ વેચાણની મંજૂરી છે. જેથી ધીમે ધીમે જૂના વાહનોની સંખ્યામાં ઘટાડો થાય અને નવા માપદંડો પ્રમાણેના વાહનો અને ઇંધણનાં ઉપયોગી હવા પ્રદૂષણમાં ઘટાડો કરી શકાય. ■



# વંચિતો માટે નાણાંકીય ભંડોળની જોગવાઈ

ભારતના નાના ઉદ્યોગ સાહસિકોને સહાય કરવી એ દેશના આર્થિક વૃધ્ધિ અને સમૃધ્ધિ માટેનો સૌથી ઉત્તમ ઉપાય છે. છેલ્લાં છ વર્ષથી આવા અનેક નાના ઉદ્યોગ સાહસિકોનાં સ્વપ્ન સાકાર કરવામાં પ્રધાનમંત્રી મુદ્રા યોજના મદદરૂપ સાબિત થઈ છે. અત્યાર સુધી આ સ્કીમ હેઠળ 26 કરોડથી વધુ યુવાનો, મહિલાઓ અને જેઓ સ્વરોજગાર મેળવવા માગે છે તેઓએ લાભ મેળવ્યાં છે. આ સ્કીમે તેમને શાહુકારોનાં શોષણમાંથી મુક્તિ અપાવી છે અને તેમણે પોતાની સફળતાની કહાની લખી છે....

''મુદ્રા સ્કીમનો હેતુ જેમની પાસે નાણાં નથી તેમને ભંડોળ પુરું પાડવાનો છે. અત્યાર સુધી શાહુકારો દ્વારા ભારતના નાના ઉદ્યોગ સાહસિકોનું શોષણ થતું હતું, પણ મુદ્રા તેમનાં નવો વિશ્વાસ અપાવશે કે તેમનાં પ્રયાસોમાં દેશ તેમને મદદ કરવા તૈયાર છે. આ લોકો રાષ્ટ્રનિર્માણમાં મોટું પ્રદાન આપી રહ્યા છે.''

**-નરેન્દ્ર મોદી,**
**વડાપ્રધાન**

મધ્યપ્રદેશના બાનખેડીના વતની પ્રમોદ શર્મા નાનકડી દુકાન ધરાવે છે. જો કે દુકાનમાંથી થતી આવક પરિવારનું ગુજરાન થાય એટલી પૂરતી નહોતી. તેથી, શર્માએ ધંધાનું વિસ્તરણ કરવાનો નિર્ણય લીધો. એ માટે તેમણે પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોન માટે અરજી કરી. લોનની મંજૂરી મળી ગઈ અને તેમણે આ રકમનો ઉપયોગ વેપાર વધારવા માટે કર્યો. હવે, તેઓ સારી રીતે પરિવારનું ગુજરાન કરી શકે છે, એટલું જ નહીં બીજા ચાર લોકોને રોજગારી પણ આપી છે. શર્માએ કરેલી મહેનતનું પરિણામ આવ્યું અને લોન લીધાના 10 મહિનામાં ટર્નઓવર રૂ. 50 લાખે પહોંચી ગયું.

મુદ્રા યોજનાએ શર્મા જેવા અનેક ઉદ્યોગ સાહસિકોને મદદ કરી છે. રાયપુર, છત્તીસગઢનાં રાજકુમારી વર્માની પણ આ જ કહાની છે. આગમાં શાકભાજીની દુકાન નાશ પામી પછી વર્માએ બેન્કનો સંપર્ક સાધ્યો અને મુદ્રા યોજના હેઠળ રૂ. ચાર લાખની લોન લીધી. આ નાણાંથી તેઓ ફરીથી દુકાન શરૂ કરી શક્યા અને આજીવિકા મેળવવા માંડ્યાં. દેશભરમાં આ પ્રકારની અનેક કહાનીઓ સાંભળવા મળશે. આ સ્કીમ ઘડતી વખતે કેન્દ્ર સરકારના સ્પષ્ટ વિઝનને કારણે આ બધું શક્ય બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, 'જો કોઈને પોતાની મેળે વેપાર ધંધો કરવો હોય તો તેનાં મનમાં પહેલો સવાલ એ થશે કે પૈસાની વ્યવસ્થા ક્યાંથી થશે? સરકાર મુદ્રા સ્કીમ હેઠળ આ ગેરન્ટી આપે છે.'

એક સમય હતો જ્યારે ગેરન્ટી આપવાની વ્યવસ્થા કરનારને જ બેન્કમાંથી લોન મળતી હતી. આને કારણે સમાજના ગરીબ /પછાત વર્ગોને મોટી સમસ્યા નડતી હતી.

प्रधानमंत्री mudra योजना

## મુદ્રા લોન ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે

- **શિશુઃ** રૂ. 50,000 સુધી
- **કિશોરઃ** રૂ. 50,000થી રૂ. પાંચ લાખ સુધી
- **તરૂણઃ** રૂ. પાંચ લાખથી રૂ. 10 લાખ સુધી

### મુદ્રા યોજના શું છે

સમાજના નીચલા વર્ગના માણસોને આવક પેદા કરવાની તકો પૂરી પાડવા 8 એપ્રિલ, 2015નાં રોજ તેનો પ્રારંભ થયો હતો. તેમાં નાના લઘુ /સુક્ષ્મ એકમોને રૂ. 10 લાખ સુધીની લોન આપવામાં આવે છે અને તેનો હેતુ દેશમાં લઘુ ધિરાણ સંસ્થાઓને નિયમિત કરવાનો છે.

### મુદ્રા માટેની લાયકાત

ખેતી સિવાયના ક્ષેત્ર જેમ કે, મેન્યુફેક્ચરિંગ, પ્રોસેસિંગ, ટ્રેડિંગ અથવા સર્વિસ સેક્ટર માટેનો બિઝનેસ પ્લાન ધરાવતો કોઈ પણ ભારતીય નાગરિક, જેની રૂ. 10 લાખ સુધીનાં ધિરાણની જરૂરિયાત હોય તે બેન્ક, માઇક્રોફાઇનાન્સ સંસ્થા કે એનબીએફસી પાસેથી મુદ્રા લોન લઈ શકે છે

### કઈ રીતે લાભ મેળવવો

ઋણકર્તા અથવા ઉદ્યોગ સાહસ મુદ્રા વેબસાઇટ પર જણાવેલી કોઈ પણ સંસ્થા પાસેથી લોન માગી શકે છે. આ ઉપરાંત, તે વેબસાઇટ www.udyamimitra.inપર પણ અરજી કરી શકે છે.

# નાના વેપારીઓને મોટી મદદ

- આ સ્કીમ શરૂ થઈ ત્યારથી 8 માર્ચ 2021 સુધીમાં 28.36 કરોડ લોકો લોન લઈ ચૂક્યા છે. આમાંથી 26 ફેબ્રુઆરી સુધીમાં 70 ટકા મહિલા ઉદ્યોગ સાહસિકોને લોન મળી હતી
- આ લોન કમર્શિયલ બેન્કો, પ્રાદેશિક ગ્રામીણ બેન્કો (RRBs), સ્મોલ ફાઇનાન્સ બેન્કો, અને માઇક્રો ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યુશન્સ (MFIs) અને એનબીએફસી દ્વારા આપવામાં આવે છે
- બેન્કોએ લોન મેળવવા માટેની પ્રક્રિયા સરળ બનાવી છે. પેપરવર્ક પણ સરળ રાખવામાં આવ્યું છે, જેથી દસ્તાવેજો ભેગાં કરવામાં કોઈ મુશ્કેલી ન નડે.
- મુદ્રા લોનમાં કોઈની જામીન આપવી જરૂરી નથી. મુદ્રા લોન ભરપાઈ કરવાની મહત્તમ મુદત પાંચ વર્ષ છે
- મુદ્રા સ્કીમ હેઠળ લોન માટે નાના ઉત્પાદન એકમો, સર્વિસ સેક્ટરના એકમો, દુકાનદારો, ફળો અને શાકભાજીના વિક્રેતાઓ, ટ્રક ઓપરેટરો, ફુડ સર્વિસ એકમો, રિપેરીંગની દુકાનો, મશીન ઓપરેટર્સ, નાના ઉદ્યોગો, કારીગરો, ફુડ પ્રોસેસર્સ વગેરે અરજી કરી શકે છે
- ત્રણેય કેટેગરીમાંથી ખાતાની સંખ્યાના સંદર્ભમાં 88 ટકા હિસ્સા સાથે શિશુ લોનનું પ્રમાણ સર્વોચ્ચ છે

| નાણાંકીય વર્ષ | મંજૂર થયેલી લોન | મંજૂર થયેલી રકમ | વિતરીત થયેલી રકમ |
|---|---|---|---|
| 2015-16 | 3.49 Crore | ₹1,37,449.27 | ₹1,32,954.73 |
| 2016-17 | 3.97 Crore | ₹1,80,528.54 | ₹1,75,312.13 |
| 2017-18 | 4.81 Crore | ₹2,53,677.10 | ₹2,46,437.40 |
| 2018-19 | 5.99 Crore | ₹3,21,722.79 | ₹3,11,811.38 |
| 2019-20 | 6.23 Crore | ₹3,37,495.53 | ₹3,29,715.03 |
| 2020-21 | 3.88 Crore | ₹2,47,662.88 | ₹2,33,274.67* |

Data in Crore Rupees Source:mudra.org.in

*Last data for 2020-21 Financial Year

### મુદ્રા માટેની અરજી પ્રક્રિયા

- લાભાર્થીએ મુદ્રા વેબસાઇટ પરથી ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે અને જરૂરી માહિતી ભરવાની રહેશે
- એ પછી નજીકની બેન્કમાં જઇને ભરેલું ફોર્મ સંબંધિત બેન્કમાં રજૂ કરવાનું રહેશે
- અરજકર્તાએ ફોર્મમાં માગવામાં આવેલી તમામ માહિતી જેમ કે નામ, સરનામું, આધાર નંબર વગેરે ભરીને તમામ દસ્તાવેજોની ઝેરોક્સ નકલો બેન્કમાં જમા કરવાની રહેશે
- એ પછી, બેન્કના સત્તાવાળાઓ એપ્લિકેશન ફોર્મ અને તમામ દસ્તાવેજો ચકાસશે અને એક મહિનાની અંદર અરજકર્તાના બેન્ક ખાતામાં લોનની રકમ જમા થઈ જશે

તેમને ખૂબ ઓછું ધિરાણ મળતું હતું અને જે નાનકડું ધિરાણ મળતું હતું, તે શાહુકારો પાસેથી. આન કારણે તેઓ શાહુકારોની ચુંગાલમાં ફસાઈ જતા હતા. પણ હવે નાના ઉદ્યોગ સાહસિકોને રૂ. 15 લાખ કરોડથી વધુ ધિરાણ આપવામાં આવ્યું છે. મુદ્રાના આશરે 50 ટકા લાભાર્થીઓ એસસી, એસટી, ઓબીસી અને અન્ય પછાત વર્ગોના લોકો છે. ■



# હવે આરોગ્યનું ફન્ડ નકામું નહીં જાય

સ્વસ્થ જીવન દેશની આર્થિક સ્થિતિ માટે એટલું બધું મહત્વનું છે કે જીવવાની સરેરાશ ઉંમરમાં એક વર્ષનો વધારો થાય તો પણ માથા દીઠ જીડીપીમાં ચાર ટકા વધારો થઈ જાય. આરોગ્યમાં રોકાણ કરવાથી લાખો લોકોને રોજગારી મળે છે. ખાસ કરીને આ ક્ષેત્રમાં મહિલાઓને નોંધપાત્ર રોજગાર મળી રહે છે. 2018નાં બજેટમાં નાણાં મંત્રીએ આયુષ્યમાન ભારત સ્કીમ જાહેર કરતી વખતે વર્તમાન ત્રણ ટકા એજ્યુકેશન સેસની જગ્યાએ ચાર ટકા હેલ્થ અને એજ્યુકેશન સેસ લેવાની જાહેરાત કરી હતી. સરકારે હવે હેલ્થ સેસના હિસ્સાને એક અલગ ફન્ડમાં રાખવાનો નિર્ણય લીધો છે, જેનાથી તે નાણાંકીય વર્ષના અંતે 'લેપ્સ' નહીં થાય. સામાન્ય લોકો આરોગ્ય સુવિધાઓથી વંચિત ન રહે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે



**નિર્ણય:** કેબિનેટે હેલ્થ અને એજ્યુકેશન સેસમાંથી આરોગ્ય માટેનાં સિંગલ નોન-લેપ્સેબલ રિઝર્વ ફન્ડ તરીકે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધી (PMSSN)ની રચનાને મંજૂરી આપી

**લાભ:**

- સૌથી મોટો લાભ એ થશે કે અલગ રાખેલા ભંડોળમાંથી તમામ લોકોને કિફાયતી દરે આરોગ્યની સુવિધા મળશે, નાણાંકીય વર્ષના અંતે આ ભંડોળ લેપ્સ નહીં જાય
- તેનો અર્થ એ થયો કે આરોગ્ય માટેનું નોન-લેપ્સેબલ રિઝર્વ ફન્ડ પબ્લિક એકાઉન્ટમાં
- હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસમાં હેલ્થનો હિસ્સો PMSSNમાં જમા કરવામાં આવશે
- PMSSNમાં જમા થનારી રકમનો ઉપયોગ આરોગ્ય અને પરિવાર કલ્યાણની મુખ્ય સ્કીમ માટે ઉપયોગમાં લેવાશે, જેમ કે:
- આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)
- આયુષ્યમાન ભારત-હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર(AB-HWCs)
- નેશનલ હેલ્થ મિશન
- પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY)
- આરોગ્ય અંગેની કટોકટી દરમિયાન તાકીદના કામ, આપત્તિ માટેની તૈયારી અને પ્રતિસાદ માટે
- સાતત્યપૂર્ણ વિકાસ માટેનાં લક્ષ્ય અને નેશનલ હેલ્થ પોલિસી 2017માં નક્કી કરેલા લક્ષ્ય હાંસલ કરવા માટેનાં ભાવિ કાર્યક્રમો કે યોજનાઓ ■



# જનઔષધિ કેન્દ્ર લોકોની સેવામાં

**પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર (PMBJP) વિવિધ વયજૂથના લોકોની જરૂરિયાતને પૂરી કરી રહી છે. PMBJP બાળકો, પુખ્તો, મહિલાઓ અને સિનિયર સિટિજન્સ એમ તમામને કિફાયતી ભાવે દવાઓ પૂરી પાડી રહ્યાં છે. તાજેતરમાં, વડાપ્રધાને આ સ્કીમની પહોંચ વધારવા 7500માં જનઔષધિ કેન્દ્રનું ઉદઘાટન કર્યું હતું.**

"હું હાઇ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગથી પીડાઇ રહ્યો છું. મારે દવા ખરીદવા દર મહિને રૂ. 5,000થી રૂ. 6,000 ખર્ચ કરવા પડતા હતા. પણ, જ્યારથી જનઔષધિ કેન્દ્ર ખુલ્યું છે, ત્યારથી મને માત્ર રૂ. 800થી રૂ.1000માં આ દવાઓ મળી જાય છે', આમ કહેતાં હિમાચલ પ્રદેશના સારોંગ ગામના ક્રિશ્ના વર્મા ગળગળા થઈ જાય છે અને આ સુવિધા આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મસિહા ગણાવે છે.

ગરીબો અને મધ્યમ વર્ગના લોકો માટે જનઔષધિ કેન્દ્રો આશીર્વાદ સમાન પુરવાર થયા છે. 2014 પછી આવા કેન્દ્રોનું વ્યાપક વિસ્તરણ થયું છે. આ ઝૂંબેશનો હેતુ ગરીબોને કિફાયતી ભાવે દવાઓ પૂરી પાડવાનો છે, જેથી તેઓ દવાના અભાવે મૃત્યુ ન પામે. આ વિચાર સાથે દેશભરમાં જનઔષધિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા હતા. 7 માર્ચે ત્રીજા જનઔષધિ દિવસે 7500મા શિલોંગમાં જનઔષધિ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

## ગરીબોને લાભ

- અંતરિયાળ વિસ્તારોથી મેટ્રો શહેરો સુધી 7500 જનઔષધિ કેન્દ્રો ફેલાયેલા છે
- આ કેન્દ્રો પર 1400થી વધુ દવાઓ, સેનિટરી પેડ, સિરિંજ અને 204થી વધુ સર્જિકલ ઉપકરણો ઉપલબ્ધ છે. તેનો ભાવ બજાર કરતાં 50 ટકાથી 90 ટકા ઓછો છે
- દર રોજ 10 લાખ દર્દીઓને કિફાયતી ભાવ દવાઓ પૂરી પાડીને છેલ્લાં છ વર્ષમાં રૂ. 9,000 કરોડની બચત થઈ છે
- અહીં મળતી કિફાયતી દવાઓ WHO-GMC દ્વારા પ્રમાણિત ઉત્પાદકો પાસેથી જ ખરીદવામાં આવતી હોવાથી સારી ગુણવત્તાની હોય છે
- NABL લેબમાં યોગ્ય ચકાસણી કર્યા પછી જ તેને જનઔષધિ કેન્દ્રમાં મોકલવામાં આવે છે

આ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું હતું કે, "7500નુ સીમાચિહ્ન પણ મહત્વનું છે કારણ કે છ વર્ષ પહેલાં આવા 100 કેન્દ્રો પણ નહોતા. આપણે શક્ય એટલો વહેલો 10,000ના આંકને પાર કરવો છે." ■


## જનઔષધિ કેન્દ્રઃ દરેકની દરકાર




બાળકો માટેનાં ડાઇપર જનઔષધિ બચપન નામે ઉપલબ્ધ છે



'જનઔષધિ જનાની' કેમ્પેનમાં સગર્ભાઓને જરૂરી પોષણ અને પુરક તત્વો આપવામાં આવે છે




'જનઔષધિ સ્વાભિમાન' હેઠળ સિનિયર સિટિજન્સ માટે એડલ્ટ ડાઇપર ઉપલબ્ધ



તમાકુની આદત છોડાવવા જનઔષધિ નિર્મલ પ્રોડક્ટ્સ



સ્ટેન્ટ્સ, ની ઇમ્પ્લાન્ટ્સ અને એન્ટિ-કેન્સર દવાઓના નિયંત્રિત ભાવને કારણે લોકોને રૂ. 5066 કરોડની બચત થઈ છે



જનઔષધિ કેન્દ્રોમાંથી દવાઓ ખરીદવાથી લોકોને કુલ રૂ. 9,000 કરોડની બચત થઈ છે

# વેક્સિન મૈત્રી

# વિશ્વને ભારતનો બુસ્ટર ડોઝ



**કોરોના સામેની લડાઈમાં ભારતે વિશ્વ સમક્ષ ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે ત્યારે રસીકરણના બીજા તબક્કામાં પણ તે મોખરે છે. 16 માર્ચની સ્થિતિએ ભારતે 71 દેશોમાં કોવિડ રસીના 5.86 કરોડ ડોઝ પૂરા પાડ્યા છે, જેમાં 36 દેશોને 81.25 લાખ ડોઝ ભેટમાં આપ્યા હતા.**

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

**"હું દેશનાં તમામ લોકોને તેમનો વારો આવે ત્યારે રસી લેવા વિનંતી કરું છું. તો જ કોરોના મહામારીથી બચી શકાશે.."**

104 વર્ષીય શ્યામ શરણ નેગીએ રસી લીધા પછી લોકોને આ અપીલ કરી હતી. નેગી સ્વતંત્ર ભારતના પ્રથમ મતદાર છે. રસી લેવા માટે તેઓ હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લાના રેકોંગ પ્યો ખાતે પહોંચ્યા ત્યારે આરોગ્ય કર્મચારીઓએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. રસી લગાવનાર ભારતની વયોવૃધ્ધ મહિલા બનનારાં બેંગલોરનાં 103 વર્ષીય જે કામેશ્વરી સંપૂર્ણ સ્વસ્થ છે. 80 વર્ષીય નિવૃત્ત શિક્ષક રામકિશોર સાહુ તામાર બ્લોકમાં આવેલા તેમનાં વતન સારજમદિહથી જાતે બાઇક ચલાવીને 68 કિલોમીટર દૂર આવેલા રાંચી ગયા હતા અને રસી મૂકાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 100 વર્ષીય માતા હીરા બેને પણ રસી લીધી હતી.

ભારતમાં કોવિડ-19ના બીજા તબક્કાના રસીકરણનાં આ માત્ર કેટલાંક ઉદાહરણો છે. કોરોનાને ડામવા માટે ભારતમાં હાલમાં વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ ચાલી રહ્યો છે. પ્રથમ તબક્કામાં હેલ્થ વર્કર્સ અને ફ્રન્ટલાઇન વર્કર્સને રસી આપવામાં આવી હતી, જ્યારે 1 માર્ચથી શરૂ થયેલા બીજા તબક્કામાં 60થી ઉપરની ઉંમરના અને 45થી 60 સુધીની વયના કો-મોર્બિડિટી ધરાવતા લોકોને રસી આપવામાં આવી રહી છે. હવે 1 એપ્રિલથી 45થી ઉપરનાં તમામ નાગરિકો રસી લઈ શકશે એવો નિર્ણય કરવામાં આવ્યો છે. 15 માર્ચનાં રોજ રસીકરણ કાર્યક્રમના 59મા

### હરિદ્વાર કુંભ ખાતે કેન્દ્રની ટીમ ખડકવામાં આવી

સુંદર स्वच्छ सुरक्षित

કેન્દ્ર સરકારે એપ્રિલમાં શરૂ થઈ રહેલા કુંભ મેળા માટે તમામ તૈયારીઓ કરી લીધી છે. સિનિયર અધિકારીઓના વડપણ હેઠળ ડોક્ટરોની ટીમ તૈનાત કરવામાં આવી છે. આ ટીમ કોવિડ-19 ચેપને અટકાવવા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાઓના અમલ પર ધ્યાન આપશે.

# ભારતના વેક્સિન મૈત્રી પ્રોગ્રામની વિશ્વભરમાં પ્રશંસા




- કોરોનાને ડામવામાં ભારતની ભૂમિકાની વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) બાદ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)નાં ચીફ ઈકોનોમિસ્ટ ગીતા ગોપીનાથે જણાવ્યું છે કે રસી શોધવામાં ભારતની ભૂમિકા અને કોરોનાને ફેલાતો અટકાવવા અનેક દેશોને રસી આપવાનાં ભારતના વલણથી દરેકને પ્રેરણા મળશે
- વેક્સિન મૈત્રી પ્રોગ્રામ હેઠળ ભારતે વિશ્વમાં 71 દેશોને 5.86 કરોડ ડોઝ પૂરાં પાડ્યાં છે. આમાંથી, 36 દેશોને 81.25 લાખ ડોઝ ભેટમાં આપવામાં આવ્યા છે.
- વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર વિવિયન રિચર્ડ્સ, જીમી આદમ્સ અને રામ નરેશ શ્રવણે એન્ટિગુઆ અને બાર્બાડોઝને કોરોના રસી આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે.
- 16 માર્ચનાં રોજ સંસદના મધ્યસ્થ ખંડમાં સાંસદોને સંબોધન કરતા ઈન્ટરપાર્લિયામેન્ટરી યુનિયનના વડા દુઆર્તે પચેકોએ જણાવ્યું હતું કે ભારતે તેની રસીની મદદથી વિશ્વને મદદ કરી છે.

## રસીની સાથે સાથે પ્રોટોકોલનું ચુસ્ત પાલન પણ જરૂરી...

| હેલ્થ વર્કર્સ | ફ્રન્ટલાઇન વર્કર્સ | 45થી 60ની વયના, જેઓ ચેપગ્રસ્તોના સંપર્કમાં આવ્યા હોય | 60થી ઉપરની વયના |
|---|---|---|---|
| પ્રથમ ડોઝ 74,08,521 | પ્રથમ ડોઝ 74,26,479 | પ્રથમ ડોઝ 16,96,497 | પ્રથમ ડોઝ 95,19,024 |
| બીજો ડોઝ 43,97,613 | બીજો ડોઝ 13,23,527 | | |

15 માર્ચે સાંજના સાત સુધીના આંકડાઃ સ્ત્રોતઃ આરોગ્ય મંત્રાલય, ભારત સરકાર

## કારણ કે કેટલાંક રાજ્યોમાં કોરોના કેસ વધ્યા છે...

કુલ સક્રિય દર્દીઓ
**2,23,432**

| 1,10,27,543 | 1,58,856 | 96.65% |
|---|---|---|
| રિકવર થયેલા દર્દીઓ | મૃત્યુ | રિકવરી રેટ |

મૃત્યુદર : **1.39%**

કુલ પરિક્ષણોઃ 2416 સરકારી અને ખાનગી લેબમાં 22,82,80,763 સેમ્પલનું પરિક્ષણ કરાયું

*આંકડા 15 માર્ચ સુધીના

દિવસ સુધી આશરે 3.17 કરોડ લોકોને રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. મહત્તમ કોવિડ ડોઝ અપાયા હોય તેવા દેશોની યાદીમાં ભારત ચોથા ક્રમે છે. ■

- કેટલાંક રાજ્યોમાં કોરોના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. 15 માર્ચ સુધીના ડેટા પ્રમાણે મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક, ગુજરાત અને તામિલનાડુમાં કોરોના કેસો નોંધપાત્ર પ્રમાણમાં વધ્યા છે. માર્ચના પ્રથમ 15 દિવસમાં દેશમાં નવા 2.97 લાખ દર્દીઓ નોંધાયા હતા. આમાંથી 80 ટકા કેસો ઉપરોક્ત પાંચ રાજ્યોમાં હતા. દિલ્હી અને હરિયાણામાં પણ કેસો વધ્યા છે.
- કોરોનાને વધુ ફેલાતો રોકવા મહારાષ્ટ્ર, રાજસ્થાનના કેટલાંક શહેરોમાં આંશિક લોકડાઉન લાદવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 17 માર્ચે મુખ્યમંત્રીઓ સાથે કોવિડ-19ની સ્થિતિની સમીક્ષા કરી હતી

# મૈત્રી સેતુઃ ન્યૂ ટ્રેડ કોરિડોર



**બાંગલાદેશ સાથેની કનેક્ટિવિટી મૈત્રીને મજબૂત કરી રહી છે એટલું જ નહીં વેપાર માટે પણ મજબૂત જોડાણ બનાવી રહી છે. આ સમગ્ર વિસ્તારને ભારતના પૂર્વ, પૂર્વોત્તર રાજ્યો અને બાંગલાદેશ વચ્ચે ટ્રેડ કોરિડોર તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે.**


કોઇ પણ સેતુ બને છે ત્યારે તે બે વિભાજીત ભાગોને જોડે છે. પણ ત્રિપુરાના દક્ષિણ જિલ્લા અને બાંગલાદેશ વચ્ચે વહેતી ફેની નદી પર બનેલો પુલ બંને દેશોનાં હૃદયને જોડી રહ્યો છે. આ પુલનું નામ મૈત્રી સેતુ રાખ્યું છે, જે બિલકુલ યોગ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 9 માર્ચે આ પુલનું ઉદઘાટન કર્યું હતું. વર્ચ્યુઅલી આયોજિત આ કાર્યક્રમમાં બાંગલાદેશનાં વડાંપ્રધાન શેખ હસીના પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાને બાંગલાદેશની મુલાકાત દરમિયાન શેખ હસીના સાથે આ પુલનું શિલારોપણ કર્યું હતું.

આ પુલે ભારત અને બાંગલાદેશ વચ્ચે કનેક્ટિવિટી સુધારવાની સાથે સાથે પર્યટન, વેપાર અને પોર્ટ આધારિત વિકાસની નવી તકો પણ સર્જી છે. વડાપ્રધાને આ પ્રસંગે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનાં ઉદઘાટન કર્યા હતા, જેમાં રાજ્ય સરકાર દ્વારા વિકસાવાઇ રહેલા હાઇવેઝ, રોડ પ્રોજેક્ટ્સ અને પીએમ આવાસ યોજના હેઠળ બનાવાયેલાં 41,000 મકાનો, અગરતલા સ્માર્ટ સિટી મિશન હેઠળ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, કમર્શિયલ સેન્ટર વગેરેનો સમાવેશ થાય છે.

### જીવન સરળ બનાવતો સેતુ

- રૂ. 133 કરોડનાં ખર્ચે ફેની નદી પર બનેલો 1.9 કિલોમીટર લાંબો પુલ (મૈત્રી સેતુ) ભારતમાં સાબરુમને બાંગલાદેશના રામગઢ સાથે જોડશે
- આ પુલના નિર્માણથી ત્રિપુરાને બાંગલાદેશના ચટગાંવ બંદર સુધીની કનેક્ટિવિટી મળવાથી તે બાંગલાદેશનું પ્રવેશદ્વાર બનશે, કારણ કે સાબરુમ અને રામગઢ વચ્ચેનું અંતર માત્ર 80 કિલોમીટર છે
- આ પુલથી ભારત અને બાંગલાદેશ વચ્ચેની કનેક્ટિવિટી સુધરવાની સાથે સાથે નવું સીમાચિહ્ન પણ સાબિત થશે
- સાબરુમ ખાતે ઈન્ટીગ્રેટેડ ચેક પોસ્ટ (ICP)નું બાંધકામ પણ શરૂ થઈ ગયું છ. આ ICP સંપૂર્ણકક્ષાના લોજિસ્ટીક હબ તરીકે કામ કરશે
- ફેની બ્રીજ ખુલવાથી ત્રિપુરા હવે ઈન્ટરનેશનલ સી પોર્ટથી ભારતનું સૌથી નજીકનું શહેર બની ગયું છે ■

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



## 1 એપ્રિલે જન્મજયંતિ પ્રસંગે સ્મરણ

# ગુરૂ તેગબહાદુરઃ કરૂણા, ત્યાગ અને બલિદાનનું પ્રતીક

> હું પણ વિશ્વભરના લાખો લોકોની જેમ શ્રી ગુરુ તેગ બહાદુરજીથી પ્રેરિત થયો છું
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

**14 વર્ષની ઉંમરે જ્યારે આપણે અભ્યાસ અને રમતગમતમાં વ્યસ્ત હોઈએ છીએ ત્યારે ત્યાગ મલ નામનો બાળક યુધ્ધના મેદાનમાં મુઘલો સામે લડીને ઈતિહાસ રચી રહ્યો હતો. તેનાં શૌર્ય અને હિંમતને કારણે તેગ બહાદુર (તલવાર જેવું જોર)ની ઉપાધિ મળી. સમય જતાં તેઓ શીખોના નવમા ગુરૂ બન્યા..**

અમૃતસરમાં જન્મેલા તેગ બહાદુરજી ગુરુ હરગોબિંદ સાહિબના સૌથી નાના પુત્ર હતા. શીખોના આઠમાં ગુરૂ  ગુરૂ હર કિશન રાયજી બાદ તેગ બહાદુરજીને નવમા ગુરૂ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેગ બહાદુરજીએ લોકોનાં દુઃખ દર્દ દૂર કરવા કામ કર્યું અને તેમના શોષણ સામે લડ્યા.

લોકવાયકા પ્રમાણે મુઘલ સમ્રાટ ઔરંગઝેબના દરબારમાં એક પંડિત હતા, જેઓ ભગવદ્ ગીતાનું તેના અર્થ સાથે પઠન કરતા હતા. પણ તેઓ કેટલાંક પસંદગીના શ્લોકનું જ પઠન કરતા હતા. એક વાર આ પંડિત બિમાર પડતા તેમના પુત્રને દરબારમાં મોકલવામાં આવ્યો.  તેઓ પુત્રને એ કહેવાનું ભુલી ગયા કે સમ્રાટની સામે કયા કયા શ્લોકોનું અર્થઘટન કરવાનું છે. તેમના પુત્રએ તો કોઇ પણ ભુલ વિના તમામ શ્લોકોનું પઠન કર્યું. આ સાંભળીને ઔરંગઝેબને થયું કે તમામ ધર્મો સમાન છે પણ તેમનો ધર્મ સૌથી મહાન છે અને તેઓ બીજો કોઇ ધર્મ સહન નહીં કરે. આમ, તેમણે દરેકને ફરજિયાત ઈસ્લામ ધર્મ અંગીકાર કરવાની ફરજ પાડી. તેમણે લોકો સમક્ષ બે વિકલ્પો મૂકયા- ધર્માંતરણ કરો અથવા મોતને ભેટો. એમ કહેવાય છે કે ઔરંગઝેબની આ જાહેરાત બાદ કેટલાંક કાશ્મીરી પંડિતો ગુરૂ તેગ બહાદુરજીની મદદ માગવા ગયા. તેમણે કહ્યું કે ઔરંગઝેબ પાસે જઈને કહો કે તમે ગુરૂ તેગ બહાદુરજીનું ધર્માંતરણ કરાવી શકો તો બાકીનાં તમામ લોકો પણ ધર્મ બદલી નાખશે. મુઘલ સમ્રાટ તો આ વાત સાંભળી ગુસ્સાથી લાલચોળ થઈ ગયા અને ગુરૂ તેગ બહાદુરજીની ધરપકડનાં આદેશ આપ્યા. ઔરંગઝેબના માણસોએ અનેક દિવસો સુધી ગુરૂ તેગબહાદુરજી અને તેમના સાથીઓ પર ત્રાસ ગુજાર્યો, પણ ધર્મપરિવર્તન ન કર્યું. છેવટે, ઔરંગઝેબના આદેશથી દિલ્હીના ચાંદની ચોક પર ગુરૂ તેગ બહાદુરજીનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

જ્યાં તેગબહાદુરજીનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા ત્યાં આજે રકબગંજ ગુરૂદ્વારા બનેલું છે, જે તેમના સર્વોચ્ચ બલિદાનનું પ્રતીક છે. ગુરૂ તેગ બહાદુરજીએ ગુરૂ ગ્રંથ સાહિબમાં અનેક રચના લખી છે, જેમાં 116 શબદ, 57 સલોક અને 15 રાગનો સમાવેશ થાય છે. ■

# સદીઓથી ભારતની કર્મનિષ્ઠાનું પ્રતીક છે ગીતા

મહાભારતથી માંડીને કોરોના મહામારી સુધી, ગીતાએ દરેક યુગમાં ભારતને માર્ગદર્શન આપ્યું છે. તે ભારતની એકતા અને સમતાની ભાવનાનો મુળ પાઠ છે. ગીતા કહે છે, 'સમમ્ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠંતમ પરમેશ્વરમ્'! મતલબ કે દરેક પ્રાણીમાં ઈશ્વરનો વાસ છે. આ પ્રેરણા સાથે વડાપ્રધાને શ્રીમદ્ ભગવદ ગીતાના શ્લોકો પર હસ્તપ્રત અને ઇ-બુકનું વિમોચન કર્યું હતું.



શ્રીમદ્ ભગવદ ગીતામાત્ર ધાર્મિક ગ્રંથ નથી, પણ માનસિક ઊર્જાનો એવો સ્રોત છે, જેણે દરેક યુગમાં રાષ્ટ્ર અને વિચારકોને માર્ગદર્શન આપ્યું છે. સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે ગીતાનું મહત્વ વધી જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શ્રીમદ્ ભગવદ્ ગીતાની હસ્તપ્રત, 21 વિદ્વાનો દ્વારા ગીતાના શ્લોકો પર ભાષ્ય અને સ્વામી ચિદભવાનંદની ભગવદ્ ગીતાનું કિન્ડલ વર્ઝન લોંચ કર્યા હતા.'શ્રીમદ ભાગવદ્ ગીતાઃ રેર મલ્ટીપલ સંસ્કૃત કોમેન્ટરીઝ ઇન ઓરિજનલ કેલિગ્રાફી'ની 11 આવૃત્તિઓનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. સ્વામી ચિદભવાનંદની ભગવદ ગીતાની પાંચ લાખ નકલના વેચાણની ઉજવણી કરવા તેનું કિન્ડલ વર્ઝન લોંચ કરવામાં આવ્યું હતું. સ્વામી ચિદભવાનંદ તામિલનાડુમાં શ્રી રામાક્રિશ્ના તપોવન આશ્રમના સ્થાપક છે.

**વડાપ્રધાનના ભાષણના મુખ્ય મુદ્દાઃ**

- ગીતા ભારતની વૈચારિક સ્વતંત્રતા અને સહિષ્ણુતાનીપ્રતીક છે, જે દરેક વ્યક્તિને પોતાનો દ્રષ્ટિકોણ ધરાવવા પ્રેરિત કરે છે
- આદિ શંકરાચાર્યએ ગીતાને આધ્યાત્મિક ચેતના તરીકે જોતા હતા અને સ્વામી વિવેકાનંદ માટે ગીતા આત્મવિશ્વાસ અને મક્કમ નિર્ધારનો સ્રોત હતી
- શ્રી અરવિંદ માટે તો ગીતા જ્ઞાન અને માનવતાનો સાક્ષાત અવતાર હતીઅને મહાત્મા ગાંધી માટે તે કપરા સમયમાં માર્ગદર્શક હતી
- નેતાજી સુભાષચંદ્રની રાષ્ટ્રભક્તિ અને પરાક્રમ પાછળની પ્રેરણા ગીતા હતી. બાલ ગંગાધર તિલકે ગીતાનું અર્થઘટન કર્યું હતું, જેણે સ્વતંત્રતા સંગ્રામને નવી ઊર્જા આપી
- ગીતાએ કઈ રીતે આપણા સ્વતંત્રતા સંગ્રામને ઊર્જા આપી, કઇ રીતે આઝાદીના લડવૈયાઓને દેશ માટે બલિદાન આપવાની હિંમત આપી, અને દેશને આધ્યાત્મિક ચેતના દ્વારા એકસૂત્રમાં બાંધ્યા તે અંગે આપણે સંશોધન કરવું જોઇએ, લખવું જોઇએ અને યુવા પેઢીને તેનાથી પરિચિત કરાવવા જોઇએ
- આ ઇ-બુકથી શાશ્વત ગીતા અને તામિલ સંસ્કૃતિ વચ્ચેનો સંપર્ક ગાઢ બનશે. ઇ-બુક ખૂબ લોકપ્રિયતા મેળવી રહી છે, ખાસ કરીને યુવાનોમાં. તેથી, આ ઇ-બુકથી યુવાનો ગીતાના ઉમદા વિચારો સાથે જોડાઇ શકશે ■

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# QUAD: ભારત-પ્રશાંત ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા

ભારત-પ્રશાંત મહાસાગર વિસ્તાર (ઈન્ડો-પેસિફિક)નું વેપાર ઉપરાંત વ્યૂહાત્મક મહત્વ છે. ક્વાડ આ મુદ્દાઓનો ઉકેલ લાવવાની સાથે સાથે પ્રદેશમાં અન્ય દેશોના હિતોનું રક્ષણ પણ કરશે. ભારત-પ્રશાંત વિસ્તારમાં સ્થિરતા લાવવામાં ક્વાડ મહત્વની ભૂમિકા ભજવશે






વૈશ્વિક સ્તરે ભારત શક્તિશાળી દેશ તરીકે ઊભરી આવ્યો છે, પણ ભારત-પ્રશાંત વિસ્તારમાં તેનું વિશેષ મહત્વ છે. 12 માર્ચનાં રોજ યોજાયેલા ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગ-Quad (ચતુર્ભુજ સલામતી સંવાદ)માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકન પ્રમુખ જો બાઇડન, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન અને જાપાનના વડાપ્રધાન યોશિહિદે સાગા જોડાયા હતા. ક્વાડ સમિટે સરળ પુરવઠાની શ્રૃંખલા, ઊભરતી અને મહત્વની ટેકનોલોજી, દરિયાઇ સલામતી અને જળ-વાયુ પરિવર્તન ઉપરાંત ભારત-પ્રશાંત દેશોથી દૂર આવેલા દેશોનો વિશ્વાસ વધારવા મુદ્દે અભિપ્રાયોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.

મંત્રી કક્ષાની ત્રણ બેઠકો બાદ આ ચાર દેશોના વડાઓ સૌ પ્રથમ વાર સમિટમાં જોડાયા હતા. કોવિડ-19નો સામનો કરવા હાલમાં ચાલી રહેલા પ્રયાસો અને ભારત-પ્રશાંત વિસ્તારોમાં સલામત અને કિફાયતી રસીઓ સમાન ધોરણે પહોંચાડવા સહયોગના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. મુક્ત અને ખુલ્લા ભારત-પ્રશાંત ક્ષેત્ર માટે ક્વાડની સ્થિરતા મહત્વપૂર્ણ સ્તંભ બનશે. ■

## QUAD શું છે?

ક્વાડ એ ચાર દેશો-ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા-માટે વ્યૂહાત્મક માહિતીનું આદાનપ્રદાન કરવાનો અને સંયુક્ત લશ્કરી કવાયત કરવાનો વ્યૂહાત્મક મંચ છે. આ પહેલાં માત્ર મંત્રી સ્તરે જ બેઠક થઈ હતી. ભારત-પ્રશાંત વિસ્તારમાં સંયુક્ત સલામતી, પર્યાવરણ, વેપાર અને અન્ય હિતોનું રક્ષણ કરવાના હેતુથી ક્વાડની સ્થાપના કરવામાં આવી હતી. આ ચાર રાષ્ટ્રો 'એક્સરસાઇઝ મલાબાર'નામનો વાર્ષિક લશ્કરી અભ્યાસ પણ કરે છે.

### વેક્સિન પાર્ટનરશીપ

- કોવિડ-19નો અંત લાવવા ક્વાડ સંયુક્ત પ્રયાસ શરૂ કરશે
- ક્વાડ નેતાઓ WHO અનેCOVAX સહિતના વર્તમાન બહુપક્ષીય તંત્રના સાથે મળીને
- ભારત-પ્રશાંત ક્ષેત્રના દેશોને રસીકરણમાં મદદ કરશે
- ક્વાડ દેશો ભારતની રસી ઉત્પાદન સુવિધાઓમાં સલામત અને અસરકારક કોવિડ-19 રસીઓનાં ઉત્પાદનનું વિસ્તરણ કરવા કામ કરી રહ્યા છે
- ક્વાડ દેશો ઓછી આવક ધરાવતા અને જરુરિયાતમંદ દેશો માટે જીવનરક્ષક રસીઓ પૂરી પાડશે

### ક્લાઇમેટ વર્કિંગ ગ્રૂપ

- પેરિસ સંધિમાં નક્કી થયેલા તાપમાનને મર્યાદાની અંદર રાખવા સહિતની અન્ય બાબતોને લાગુ કરવામાં મદદ કરવા માટે ક્વાડ અને અન્ય દેશોમાં સહકાર
- ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરવા માટે આધુનિક લો-એમિશન ટેકનોલોજી સોલ્યુશન લાવવા પ્રતિબધ્ધતા

### મહત્વની અને ઊભરતી ટેકનોલોજી

- ટેકનોલોજી ડિઝાઇન, ડેવલપમેન્ટ અને ઉપયોગ અંગે સૈધ્ધાંતિક અહેવાલ
- નેશનલ ટેકનોલોજી સ્ટાન્ડર્ડ્સ સંસ્થાઓ વચ્ચે ટેકનોલોજી સ્ટાન્ડર્ડ્સ ડેવલપમેન્ટ અંગે સંકલન કરવું અને વૈવિધ્યસભર ભાગીદારો સાથે કામ કરવું
- ટેલિકમ્યુનિકેશન્સની ગોઠવણી અંગે સહકારને પ્રોત્સાહન, ઉપકરણોના પુરવઠામાં વૈવિધ્યીકરણ અને આપણા ખાનગી ક્ષેત્રો અને ઉદ્યોગ સાથે ગાઢ સહકાર દ્વારા ભાવિ સંદેશાવ્યવહાર

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# પ્રેરણાદાયક બે ઘટનાઓ

આપણે અનેક વાર પ્રતિષ્ઠીત લોકોની કહાનીઓ સાંભળતા હોઇએ છીએ. પણ આ કહાનીઓ પાછળ સતત સંઘર્ષ અને પ્રેરણાદાયક સફર રહેલી છે. મધ્યપ્રદેશના ગામની આવી જ એક પ્રેરણાદાયક કહાની રજૂ કરીએ છીએ, જ્યાં દરેક ઘરનાં રસોડામાં સૌર ઊર્જાનો ઉપયોગ થાય છે. અન્ય એક કહાની બે યુવા એન્જિનિયર્સની છે, જેમણે વિશ્વની પ્રથમ ઇકો-ફ્રેન્ડલી બેટરી બનાવી છે. પર્યાવરણના રક્ષણ માટે આ પ્રેરણા પૂરી પાડે તેવી ઘટનાઓ છે..

## તમામ સોલર કિચન ધરાવતું પ્રથમ ગામ



મધ્યપ્રદેશનાં બેતુલ જિલ્લાનું બાંચા બીજા સામાન્ય ગામડાંઓ કરતા વિશષ છે. પોતાની સમસ્યાઓમાંથી પ્રેરણા લઈને આ ગામે સફળતા મેળવીને અનોખું ઉદાહરણ પુરું પાડ્યું છે. માત્ર 74 મકાનો ધરાવતા બાંચા ગામમાં અનુસુચિત જનજાતિનાં લોકોનું પ્રભુત્વ છે. દરેક ઘરમાં સૌર ઊર્જાથી ચાલતા રસોડાં ધરાવતું તે ભારતનું એક માત્ર ગામ છે. બાંચા ગામ પર દસ્તાવેજી ફિલ્મ બનાવનાર માખનલાલ ચતુર્વેદી નેશનલ જર્નાલિઝમ યુનિવર્સિટીના પ્રોફેસર લોકેન્દ્ર સિંહ અને પ્રોડ્યુસર મનોજ પટેલ આ ગામની સંઘર્ષની કહાની કહે છે. બાંચા ગામમાં પાણીની મોટી સમસ્યા હતી. 2016માં લોકોએ રેતીની બોરીઓ દ્વારા વરસાદી પાણીને અટકાવવાનું શરૂ કર્યું. પાણીમાં આત્મનિર્ભર બન્યા પછી તેમણે ગામને કચરા અને પ્લાસ્ટીક મુક્ત બનાવવાનું બીડું ઝડપ્યું. તેમાં સફળતા મેળવ્યા પછી તેમણે ઓએનજીસી અને આઇઆઇટી બોમ્બેની મદદથી કુદરતી ઊર્જા પર ફોકસ કર્યું. દરેક રસોડાંમાં સોલર સ્ટવ સ્થાપવામાં આવ્યા. આજે દરેક મહિલા સોલર સ્ટવ પર રસોઈ બનાવે છે.

## વિશ્વની પ્રથમ 100 ટકા ગ્રીન બેટરી




નિમિષા વર્મા અને નવીન સુમને અનોખી પહેલ કરી છે. તેમણે એલો વેરા (કુંવારપાંઠુ)માંથી બનાવેલી વિશ્વની પ્રથમ 100 ટકા ગ્રીન બેટરી રેગ્યુલર કેમિકલ બેટરીઓ દ્વારા થતું પ્રદૂષણ ઘટાડે છે. અલો ઇ-સેલ નામના સ્ટાર્ટઅપ દ્વારા તેઓ વિશ્વની સૌ પ્રથમ 100 ટકા ઈકો-ફ્રેન્ડલી અને જોખમરહિત બેટરી બનાવે છે. રેગ્યુલર વપરાશમાં લેવાતી બેટરીમાં લીડ અને મર્ક્યુરી જેવી ઝેરી ધાતુ હોય છે, જે આરોગ્ય માટે જોખમી છે. તેમણે આવા ઝેરી રસાયણોને બદલે હર્બલ ઈલેક્ટ્રોલાઇટનો ઉપયોગ કરીને બેટરી બનાવી છે જેનું નામ એલો ઇ-સેલ રાખ્યું છે. સાતત્યપૂર્ણ વિકાસ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં આ મહત્વની શોધ છે. એલો ઇ-સેલ 1.5V AA અને AAA સાઇઝમાં મળે છે. હાલમાં વપરાતી ડ્રાય સેલ બેટરીનો તે સારો અને ઈકો-ફ્રેન્ડલી વિકલ્પ છે. રીમોટ કન્ટ્રોલ, ઘડિયાળ, રમકડાં વગેરેમાં તેનો ઉપયોગ થઈ શકે છે. રેગ્યુલર બેટરીની સરખામણીમાં તે 10 ટકા સસ્તી અને 1.5 ગણી ટકાઉ છે. નવીન અને નિમિષાને અનેક એવોર્ડ્સ મળી ચૂક્યા છે. તેઓ 'બેસ્ટ બોલ્ડ આઇડિયા ઓફ ધ વર્લ્ડ 2019' અને 'નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ 2020' જીતી ચૂક્યા છે, જ્યારે શ્નાઇડર ગો ગ્રીનના વૈશ્વિક વિજેતા છે.



**Narendra Modi** @narendramodi ·
Had fruitful discussions with @POTUS @JoeBiden, PM @ScottMorrisonMP and PM @sugawitter at the 1st Quad Summit.

Reiterated India's commitment to a free, open and inclusive Indo-Pacific in line with our vision of SAGAR - Security and Growth for All in the Region.



**Rajnath Singh** @rajnathsi...
We as a country are looking to strengthen our ability to create secure and stable environment that can facilitate India's economic growth.

Our enhanced defence capabilities will allow us to be better prepared for contingencies.



**Amit Shah** @AmitShah ·
प्रधानमंत्री श्री @narendramodi जी के #VocalForLocal के आवाहन पर मैंने भी निकट के खादी भंडार से एक अंगवस्त्र और डायरी खरीदी।

मैं देशवासियों से अपील करता हूँ कि आप भी मोदी जी की इस अपील में सहभागी बनें व अपने आस-पास से खरीदी स्वदेशी वस्तु को #VocalForLocal के साथ साझा करें।



**Nitin Gadkari** @nitin_gad... ·
It will be the first elevated urban expressway with longest (3.6km) and widest (8 Lane) urban road tunnel. In order to ensure no damage to the ecosystem, 12,000 trees were transplanted and 84% of them are successful.



**Dharmendra Pradhan** @dpra...
Infusion of ₹20,000 crore in DFI will act as an enabler, provider and catalyst in bolstering infra financing to achieve the vision of an #AatmanirbharBharat. It will also give momentum to economic growth through demand revival and new job creation.#CabinetDecisions



**Prahlad Singh Patel** @pra...
हमारा स्वन्त्रता संघर्ष सिर्फ पाठ्यक्रम में सीमित न रह जाये।इसके लिए हमें उनके सामने उदाहरण पेश करना पड़ेगा।यात्रा का यही संदेश है,इस दिशा में एक छोटा प्रयास हैं। बिना परिश्रम किए आप सफलता के फल का स्वाद नहीं जान पाएंगे@PMOIndia @JPNadda @incredibleindia @MinOfCultureGoI @BJP4MP

# PM: Visit to Sabarmati strengthens determination for nation-building

Continued from P 1

Modi said five pillars — freedom struggle, Ideas at 75, Achievements at 75, Actions at 75, and Resolves at 75 — are the guiding force for moving forward.

Commenting on Gandhi's salt satyagraha, the PM said salt was never measured by its price in the country. "In India, salt is a symbol of honesty, faith and loyalty. Hum aaj bhi kehte hain, humne desh ka namak khaya (we use salt as a symbol of loyalty). We say this not because salt is a costly commodity, but because it symbolises work and equality. Before Independence, salt was a symbol of atmanirbharta," the PM said.

Modi did not hold back words in showering praise on




A HISTORIC JOURNEY: Prime Minister Narendra Modi flags off the ... Sabarmati Ashram in Ahmedabad on Friday

... and colleges not have competitions on instances of our freedom struggle. Law schools can document the legal cases leading to Independence," he said.

After landing at Ahmedabad airport, Modi drove to Sabarmati Ashram. He also visited Hriday Kunj, the house in the ashram where Gandhi stayed with his wife Kasturba from 1918 to 1930.

Modi wrote in the visitors' book that the mahotsav is a tribute to the freedom fighters and freedom struggle. "By coming to the Sabarmati Ashram and with the inspiration of Bapu, my determination for nation-building is strengthened. Mahatma Gandhi ... the message of atmanirbharta (self-reliance) and ...

# GST collection for March set to hit a record at ₹1.30L-cr





# PM to seek Quad funds for vaccine

## Calls for challenging China with vaccine supply

SRIDHAR KUMARASWAMI | DC
NEW DELHI, MARCH 11

US President Joe Biden, Prime Minister Narendra Modi and the Prime Ministers of Japan and Australia will discuss the Covid vaccine initiative as the "most significant among the deliverables" at their Quad summit in virtual format on Friday.

Under this initiative, sources said vaccines will be developed in the United States, manufactured in India, financed by Japan and the US, and supported by Australia ...



... for peace, cooperation and prosperity in the Indo-Pacific region".

Observers see the move as a major boost to India which has been playing a global leadership role in disbursing Covid-19 vaccines to several needy ...

and will pose a stiff coordinated challenge to the Chinese efforts to expand its influence by supplying its vaccine.

Sources, meanwhile, said the Quad Summit, the first such meeting at the top leadership level, "offers an opportunity for an evolution" in terms of now looking to have "definite areas of cooperation" instead of only "discussions on principles and shared strategic approaches" which was the case till now.

Sources said that the Indian role in the Quad vaccine initiative will "project and reinforce India's credentials as a trusted, reliable manufacturer and supplier of quality vaccines" and "will appreciably expand our Vaccine Maitri effort".

Sources added "it will strengthen India's standing as the 'pharmacy of the world', as a critical node in global health supply chains, and as a selfless contributor to global health security".

# India's Self-reliance in Covid-19 Vaccine Helped World: PM

Mahatma gave message of atma-nirbharta and atma-vishwas from here: PM at Ashram



We have not hurt anyone but are toiling to alleviate others' pains. This is the eternal philosophy and backbone of Aatmanirbhar Bharat, says PM Modi

## PM launches Atmanirbhar Incubator



FE BUREAU
Ahmedabad, March 12

AS PART OF Atmanirbhar initiative of the central government, Prime Minister Narendra Modi on Friday launched 'Atmanirbhar Incubator' to train artisans, especially in the cotton value chain.

"The Atmanirbhar Incubator is aimed at supporting artisans facing extinction due to lack of market linkage and funds. This is for their economic empowerment," said the Prime Minister. The initiative would benefit nearly 40,000 families in the cotton ...

# Abandon legacy systems: PM

Calls for indigenisation of doctrines in armed forces

# Quad force for global good: PM

## First-ever summit puts India at forefront of vaccine development

TRIBUNE NEWS SERVICE

NEW DELHI, MARCH 12

Prime Minister Narendra Modi today said the Quad has come of age and will remain an important pillar of stability in the region.

"Our agenda today — covering areas like vaccines, climate change and emerging technologies — makes the Quad a force for global good. I see this positive vision as an extension of India's ancient philosophy of Vasudhaiva Kutumbakam, which regards the world as one family," said the PM at the first-ever Quad summit.

"We are united by our democratic values and commitment to a free, open and ...



PM Modi during a virtual summit with Quad leaders on Friday.

... said in reference to the regional threat from China.

Modi is participating in the summit along with Prime Ministers Scott Morrison of Australia and Yoshihide Suga of Japan, and US President Joe Biden and ... President Kamala Harris.

As per a joint statement, among the first initiatives, the Quad will be vaccine development with India to manufacture one billion doses of American vaccines that will be supplied to Pacific, Southeast Asian and Indian Ocean Rim countries.

"The four countries have upgraded the Quad conversation to the apex level, which highlights their desire to step ...

### SHOULDN'T TARGET THIRD PARTY: CHINA

China on Friday said the state-to-state exchanges should enhance mutual understanding instead of 'targeting' and 'undermining' the ...

### ANOTHER ROUND OF TALKS ON PULLBACK

India and China on Friday held a meet on the border issues with the MEA stating that the pact of disengagement "provided good basis to work for early ...

# Unsung freedom fighters should be honoured, says Modi

NEW DELHI, DHNS: With the nation set to commence the celebration of the 75th anniversary of Independence, Prime Minister Narendra Modi on Monday stressed on acknowledging the contribution of the "lesser-known" participants of the struggle for freedom from the British Raj.

Modi emphasised the need to honour and take the stories of the lesser-known freedom ...

... chaired the first meeting of the national committee recently constituted to plan and oversee the celebration of the 75th anniversary of Independence. The Modi government has decided to start the celebration next Friday, commemorating the 91st anniversary of the historic Salt Satyagraha led by Mahatma Gandhi.

The 259-member national panel would provide policy direction and guidelines for holding a series of events ...


RNI No. :
DELGUJ/2020/78810
April: 1-15, 2021

NEW INDIA
SAMACHAR
FORTNIGHTLY

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date March 20, 2021, Pages - 40)

# મીઠાંના સત્યાગ્રહની 91મી જયંતી

## 6 એપ્રિલ 1930, જ્યારે ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરીને બ્રિટિશ સામ્રાજ્યને લૂણો લગાડ્યો હતો



“”આપણે ત્યાં મીઠું ઇમાનદારીનું પ્રતીક છે. આપણે ત્યાં હિન્દીમાં એમ કહેવાય છે કે, “હમને દેશકા નમક ખાયા હૈ..” એનું કારણ એ નથી કે મીઠું બહુ મોંઘી વસ્તુ છે. એવું એટલા માટે કહેવાય છે કે મીઠું શ્રમ અને સમાનતાનું પ્રતીક છે. એ જમાનમાં મીઠું એ ભારતની આત્મનિર્ભરતાનું પ્રતીક હતું. બ્રિટીશરોએ ભારતના મૂલ્યોને જ નહીં, આત્મનિર્ભરતાને પણ હાનિ પહોંચાડી. ભારતના લોકોએ ઇંગલેન્ડથી આવતા મીઠા પર આધાર રાખવો પડતો હતો. ગાંધીજી દેશનાં આ જૂના દર્દને સમજ્યા, લોકોની નાડને પારખી અને જોતજોતાંમાં આ આંદોલન દરેક ભારતીયનું આંદોલન બની ગયું અને દરેક નાગરિકનો સંકલ્પ બની ગયું.

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

**Editor:** Jaideep Bhatnagar, Principal Director General, PIB, New Delhi

**Published & Printed by: Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Viba Press Pvt Ltd. C66/3, Okhla Ind Area Phase-II, New Delhi 20